dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 136 | AD - 2026, Fagan Sud - 04 | Saturday, Dt. 21-02-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### હાલની સિસ્ટમને વધુ સુધારવા માટે ઓનલાઇન પોર્ટલ જાહેર કરવાનો નિર્ણય

# ગુજરાતમાં લગ્ન નોંધણી માટે નવા નિયમો: માતાપિતાને ફરજીયાત જાણ કરાશે

**લગ્ન નોંધણી પ્રક્રિયામાં ૩૦ દિવસ સુધી વાંધા દાખલ થઈ શકશે**

ગાંધીનગર,તા.૨૦

લગ્ન નોંધણીના નિયમોમાં સુધારાના બિલને આજે ગુજરાત વિધાનસભા ગૃહમાં રજૂ કરાયું છે. નિયમ-૪૪ હેઠળ સુધારા કરવામાં આવ્યા છે. જે મુજબ હવેથી ગુજરાતમાં લગ્ન નોંધણીમાં ૩૦ દિવસ સુધી વાંધા અરજી રજૂ કરી શકાશે. લગ્ન નોંધણીમાં હવે માતાપિતાનો પણ મોટો રોલ રહેશે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ આ બિલના સુધારા વિશે જણાવ્યું કે, લગ્ન નોંધણી બાબતે રાજ્યની લાખો માતાઓની વેદનાને વાચા આપતા મુખ્યમંત્રીઅને તેમની સરકાર પ્રતિબદ્ધ છે. લગ્ન નોંધણીના નિયમમાં રહીને લગ્ન નોંધણીની પ્રક્રિયાને ટ્રાન્સપરન્સી અને કડકાઈની પ્રક્રિયા જાહેર કરાઈ છે. આજે લાખો માતા પિતાની વેદનાને વાચા મળી છે. રાજ્ય સરકાર દ્વારા ખૂબ ગંભીરતાપૂર્વક ધ્યાને લઈ માતાઓને અદભૂત કવચ આપ્યું છે. હર્ષ સંઘવીએ કહ્યું કે, જૂની અને નવા નિયમમાં ચાર બાબતમાં સુધારો કરાયો છે. અગાઉ અરજી વખતે વરવધૂના દસ્તાવેજ લેવામાં આવતા હતા. દસ્તાવેજ અપૂરતા હતા અને હાજરી વગર લગ્ન નોંધાઈ જતા હતા. અગાઉ ગ્રામ્ય લેવલે તલાટી પાસે સત્તા હતી. ત્યારે હવે નવામાં દસ્તાવેજ ચકાસણી વધારી છે. વર-વધૂની હાજરી ફરજિયાત કરી છે. તલાટી ઉપર અધિકારીને સત્તા અપાઈ છે. તેઓએ આગળ કહ્યું કે, વિધિ વિધાન સાથે મંજૂરી સાથે લગ્ન કરે અને પ્રેમ લગ્નમાં ઓળખ ખોટી ન બતાવે તેવાની ચિંતા કરી છે. નોટરી બનાવે તે નોટરી તમામની હાજરી વગર નોટરી કરે તો તેના પર પગલાં લેવાશે. તલાટી અરજી સ્વીકારી દસ્તાવેજ ચકાસણી કરી ત્યારબાદ, ઉપરી અધિકારી ફાઈનલ કરી નોંધણી કરાશે. નંબર અને સરનામું લેવામાં આવશે, એટલું જ નહિ લગ્ન નોંધાણીના દિવસે જ માતા પિતાને તમામ વિગત મોકલવામાં આવશે. જો માતા-પિતાને વાંધો હોય તો એ નહિ ચલાવી લેવાય. દીકરી પર દબાણ હશે તો નહિ ચલાવાય. ૧૦ દિવસમાં તમામ વિગત માતા પિતાને મોકલવામાં આવશે. એક મહિનાનો નોંધણીની પ્રક્રિયામાં સમય થશે. નવા સુધારા મુજબ, આવનાર દિવસમાં પોર્ટલ બનાવામાં આવશે. નોંધણી



- » ૧. પ્રથમ ૩૦ દિવસમાં વાંધા દાખલ કરી શકાશે:
- » ૨. માતા-પિતાનું મુખ્ય રોલ:
- » ૩. દસ્તાવેજોની પુષ્ટિ અને હાજરી:
- » ૪. લગ્ન નોંધણીમાં નોટરીઓનો નિયમ:
- » ૫. ઓનલાઇન પોર્ટલ અને માતા-પિતાને માહિતી મોકલવાની રહેશે

કરવાના દિવસે વોટ્સએપમાં માતા-પિતાને જાણ કરવામાં આવશે. લેભાગુ સિસ્ટમમાં એરર શોધી તેને વધુ સારી બનાવવાનો પ્રયાસ કરાશે. જે લેવલ પરથી ખોટુ કરે તેની સામે કાનૂની કાર્યવાહી કરાશે. એક મહિનાનો સમય લોકોને આપ્યો છે તેમા તમામ પોત પોતાની લાગણી આપી શકે છે. હર્ષ સંઘવીએ કહ્યું કે, દીકરી જ્યારે જન્મે છે ત્યારે પિતાના આંગણે તુલસીનો ક્યારો બની ઉછરે છે. દીકરી યુવાન થાય ત્યારે કોઈ લેભાગુ, ટપોરી દીકરીને સોશિયલ મીડિયા કે ફોસલાવી, ફસાવતા હોય છે. દીકરીના જીવન બગાડવાનું કામ લેભાગુ ટપોરી દ્વારા કરાય છે. રાજ્યમાં નિયમ હતા તેમાં છટકબારી શોધી ટુકડીઓ દ્વારા ષડયંત્ર કરી એરર શોધી દીકરીઓનું જીવન બગાડ્યું છે. જે અધિકારી દીકરીઓના જીવન બરબાદ કરવામાં જોડાયેલા હતા, સાથ આપનાર હતા, આ સિસ્ટમમાં આવા લોકો સામે પગલાં ભરવામાં આવ્યા છે. અનેક જિલ્લામાં સિસ્ટમમાં રહેલા લેભાગુ લોકોને કેસ કરીને જેલમાં મોકલવામાં આવ્યા છે. પંચમહાલ જિલ્લામાં કંકોડા કોઈ અને નાથકુવા ગામની ઘટનાનો ઉલ્લેખ હર્ષ સંઘવીએ કર્યો હતો. તેઓએ કહ્યું કે, આ બે ગામમાં એક પણ મુસ્લિમ નહિ. ન કોઈ મસ્જિદ કે દરગાહ નથી. પણ ગામના તલાટીએ અગણિત નિકાહ રજીસ્ટર કઈ રીતે કર્યા હશે. આ ધ્યાને આવતા અમે પગલા લીધા હતા. તેમણે કહ્યું કે, અમને મજબૂત કવચ બનાવવાની જરૂરિયાત લાગી. સામાજિક સંસ્થા આ વિષયને લઈને સરકારમાં આવી હતી. તેઓ મુખ્યમંત્રી, મને અને કેટલાક મંત્રીઓને મળ્યા. અનેક બેઠકો થઈ. બેઠકમાં સમાજ દ્વારા અનેક મુદ્દા રજૂ કરવામાં આવ્યા. મુદાઓમાં લગ્ન નિયમમાં રહીને કડકાઈ કઈ રીતે વધારી શકીએ તે દિશામાં સરકારે કામ કર્યું. બધા સમાજના આગેવાન સાથે ચર્ચા કરાઈ. ચર્ચાના અંતે નિર્ણય લેવાયો કે તમામના હિત જળવાય માટે આજે આ નવા નિયમ જાહેર કર્યા છે.

**નાયબ મુખ્યમંત્રીનો કડક સંદેશ: "દિકરીઓના જીવન સાથે રમનાર તત્વોને છોડીશું નહિ"**

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી જાહેર કર્યું કે, “જ્યારે કોઈ તત્વો દીકરીઓના જીવનને બગાડવા માટે ખોટા માર્ગે જવા તરફ દોરી શકે છે, ત્યારે રાજ્ય સરકારે તેને કડક સજા આપવાનો નિશ્ચય કર્યો છે. બનાસકાંઠાના કિસ્સામાં ધનિક દીકરીને લેભાગુ તત્વો દ્વારા ખોટી માહિતી આપી લગ્ન કર્યા હતા. લગ્ન પછી ૨ મહિના સુધી દીકરીને આ વાતની ખબર પડી. તે પોલીસ દ્વારા સજા પામ્યા. મહેસાણા, પંચમહાલ અને નવસારીમાં પણ આવા ખોટા કિસ્સાઓ સામે પગલાં લેવામાં આવ્યા છે.”

# ભારત ટૂંક સમયમાં બાંગ્લાદેશમાં વિઝા સેવાઓ ફરી શરૂ કરે તેવી શકયતા

ઢાકા,તા.૨૦

બાંગ્લાદેશના નવા વડાપ્રધાન તારિક રહેમાનની આગેવાની હેઠળ, ભારત ટૂંક સમયમાં બાંગ્લાદેશમાં વિઝા સેવાઓ પુનઃશરૂ કરશે. બાંગ્લાદેશના સિલ્હટમાં ભારતના વરિષ્ઠ કોન્સ્યુલર અધિકારી અનિરુદ્ધ દાસે જણાવ્યું હતું કે મેડિકલ અને ડબલ-એન્ટ્રી વિઝા હવે જારી કરવામાં આવી રહ્યા છે, અને ટૂરિસ્ટ વિઝા સહિત અન્ય વિઝા શ્રેણીઓ ફરી શરૂ કરવા માટે પગલાં લેવામાં આવી રહ્યા છે.



દાસે આ વાત પણ પુષ્ટિ કરી કે વિઝા સુવિધાઓ પુનઃસ્થાપિત કરવાનો પ્રયત્ન ચાલી રહ્યો છે અને બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોને મજબૂત બનાવવામાં વધુ સહયોગની ખાતરી આપી.

વિશ્વસનીય સ્ત્રોતો મુજબ, ૨૦૨૪માં બાંગ્લાદેશના ભૂતપૂર્વ વડાપ્રધાન શેખ હસીનાની પદભ્રષ્ટને પગલે ભારત-બાંગ્લાદેશ સંબંધોમાં તણાવ આવ્યો હતો. વિઝા કેન્દ્રો બંધ થયા અને વિરોધ પ્રદર્શનો તેજ થયા હતા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા બાંગ્લાદેશના વડાપ્રધાન તારિક રહેમાનને ભારત આવવાનો આમંત્રણ આપવામાં આવ્યો છે, અને બાંગ્લાદેશ-ભારત સંબંધોને મજબૂત કરવા માટે કામ કરવાની ઈચ્છા વ્યક્ત કરી છે.

# સુપ્રીમ કોર્ટે બાબરીના નામવાળી મસ્જિદના બાંધકામને રોકવાની માંગણી ફગાવી દીધી

નવી દિલ્હી, તા. ૨૦

સુપ્રીમ કોર્ટે શુક્રવારે બાબરીના નામવાળી મસ્જિદના નિર્માણ અથવા નામકરણ પર પ્રતિબંધ લગાવવાની માંગ કરતી અરજીને ફગાવી દીધી. કોર્ટે એવી દલીલ પણ ફગાવી દીધી કે આવા બાંધકામો ક્રૂર આક્રમણકારનું સન્માન કરે છે. ટૂંકી સુનાવણી બાદ, સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ વિક્રમ નાથ અને સંદીપ મહેતાની બેન્ચે અરજી પર વિચાર કરવાનો ઈનકાર કર્યો. અરજીમાં દલીલ કરવામાં આવી હતી કે બાબર હિન્દૂ વિરોધી આક્રમણકર્તા હતો અને હિન્દૂઓની હત્યામાં સામેલ હતો, તેથી તેના નામે મસ્જિદ ન બનાવવી જોઈએ.



સુનાવણી દરમિયાન, અરજદારના વકીલે પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદમાં બનેલી મસ્જિદનો ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું કે, બાબરના ક્રૂર હિન્દૂ વિરોધી હુમલાને અનુરૂપ, મુર્શિદાબાદમાં બાબરી મસ્જિદના નામે મસ્જિદ બનાવવામાં આવી રહી છે.

આ વિવાદ ત્યારે શરૂ થયો હતો જ્યારે ટીએમસીના ધારાસભ્ય હતેલા, હુમાયુ કબીરે મુર્શિદાબાદમાં મસ્જિદના બાંધકામની જાહેરાત કરી. તેનો વિવાદ સસ્પેન્ડ થવાથી પણ દ્રષ્ટિમાં આવ્યો.

### બંગાળ એસઆઇઆર વિવાદ

# સુપ્રીમ કોર્ટે કલકત્તા હાઈકોર્ટને એસઆઈઆર માટે અધિકારીઓની નિમણૂક કરવા આપી સૂચના

નવી દિલ્હી, તા. ૨૦

પશ્ચિમ બંગાળમાં મતદાર યાદીની વિશેષ સુધારણા (એસઆઈઆર) અંગે સંકળાયેલા વિવાદમાં સુપ્રીમ કોર્ટે ન્યાયી સૂચના આપી છે. એના અનુસરણમાં, સુપ્રીમ કોર્ટે કલકત્તા હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશને એ સૂચના આપી છે કે તેઓ એસઆઈઆર માટે ઉપન્યાયિક અધિકારીઓની નિમણૂક કરે, અને જો જરૂરી હોય તો, ભૂતપૂર્વ ન્યાયાધીશોની પણ નિમણૂક કરવી જોઈએ.




કોર્ટે આ સાથે અનેક મહત્વપૂર્ણ સુચનાઓ આપીને એ વાત પર ભાર મુક્યો કે, યોગ્ય અધિકારીઓની કાર્યક્ષમતા, પારદર્શિતા અને કાયદેસર પ્રક્રિયા સુનિશ્ચિત કરવામાં જોઈએ. સુપ્રીમ કોર્ટે ગુજરાતની કામગીરીના અભાવ પર પણ ગંભીર નારાજગી વ્યક્ત કરી, જેમાં ‘એ’ શ્રેણીના અધિકારીઓની નિમણૂક કરવામાં રાજ્ય સરકાર નિષ્ફળ રહી છે. સુપ્રીમ કોર્ટે આ સાથે હકારાત્મક સૂચના પણ આપી કે ૨૮ ફેબ્રુઆરીએ ડ્રાફ્ટ મતદાર યાદી પ્રકાશિત કરી શકાય, અને વધુમાં, યોગ્ય પ્રમાણમાં પુરક યાદી પણ આવી શકે છે.

# બાગલકોટમાં શિવાજી જયંતિની શોભાયાત્રા દરમિયાન પથ્થરમારો : પરિસ્થિતિ પર નિયંત્રણ

કર્ણાટક,તા.૨૦

કર્ણાટકના બાગલકોટમાં શિવાજી જયંતિની શોભાયાત્રા દરમિયાન પથ્થરમારો થયો છે. આ ઘટનાથી તણાવ સર્જાયો અને વહીવટીતંત્રએ પ્રતિબંધિત આદેશો લાદ્યા. પોલીસ અધિક્ષક સિદ્ધાર્થ ગોયલે જણાવ્યું હતું કે, શોભાયાત્રા જ્યારે મસ્જિદ વિસ્તારથી પસાર થઈ રહી હતી, ત્યારે પથ્થર ફેંકવામાં આવ્યા. આ ઘટના બાદ, આકસ્માત પથ્થરમારા પોલીસે સીસીટીવી અને વીડિયો ફૂટેજના આધારે તપાસ શરૂ કરી છે. આ સાથે, બાગલકોટમાં ૧૯ ફેબ્રુઆરીથી ૨૪ ફેબ્રુઆરી સુધી જાહેર સ્થળોએ ચારથી વધુ લોકોના ભેગા થવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.






# લખનૌથી દિલ્હી જતી વંદે ભારત ટ્રેન પર પથ્થરમારો થયો

લખનૌ,તા.૨૦

ઉત્તર પ્રદેશમાં લખનૌથી દિલ્હી જતી વંદે ભારત ટ્રેન પર પથ્થરમારો થયો. આ ઘટનામાં આરએસએસ વડા મોહન ભાગવત ટ્રેનમાં સવાર હતા અને કોચ C4 નો કાચ તૂટી ગયો. પ્રાથમિક માહિતી અનુસાર, હરદોઈ નજીક કેટલાક નાબૂદ લોકો ટ્રેન પર પથ્થર ફેંકી રહ્યા હતા. તે અગાઉ પણ અનેક વાર આ પ્રકારના હુમલાઓ બન્યા છે. મોહન ભાગવત ઝેડ-પ્લસ કેટેગરીની ‘એડવાન્સ્ડ સિક્યૂરિટી લાયઝન’ સુરક્ષા હેઠળ મુસાફરી કરી રહ્યા હતા. ૨૧ ફેબ્રુઆરીએ, મોહન ભાગવત મેરઠ અને બ્રજ વિસ્તારમાં ૨૮ જિલ્લાઓના બૌદ્ધિકો સાથે ચર્ચા કરશે.





સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
શનિવાર, તા.૨૧-૦૨-૨૦૨૬

# વિદ્યાસભા સ્કૂલમાં બોર્ડના પરીક્ષાર્થીઓ માટે 'મેન્ટલ હેલ્થ અવેરનેસ' પ્રોગ્રામ યોજાયો

અમરેલી,તા.૨૦

શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ-વિદ્યાસભા સ્કૂલ ખાતે રાષ્ટ્રીય સ્તરે ચાલી રહેલા 'મેન્ટલ હેલ્થ અવેરનેસ' અભિયાન અંતર્ગત જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સુપ્રીમ કોર્ટના આદેશ અન્વયે દેશમાં વધતા જતા સ્ટ્રેસ, એન્ઝાયટી, ડિપ્રેશન અને આત્મહત્યાના કિસ્સાઓને રોકવા માટે સમગ્ર દેશમાં આ પ્રકારના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.તે અનુસંધાને, 'અભિયાન સેવા ટ્રસ્ટ', 'શાંતાબા જનરલ સિવિલ હોસ્પિટલ-અમરેલી' અને 'જિલ્લા NCD સેલ'ના સંયુક્ત ઉપક્રમે ૧૯ ફેબ્રુઆરીએ આ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કેમ્પસના ૬૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ઉપસ્થિત રહી માનસિક સ્વાસ્થ્ય વિષયક મહત્વપૂર્ણ માર્ગદર્શન મેળવ્યું હતું.યોગ પ્રશિક્ષક હર્ષાબેને જણાવ્યું હતું કે, જીવનમાં શારીરિક સ્વાસ્થ્ય જેટલું જ મહત્વ માનસિક સ્વાસ્થ્યનું પણ છે. તેમણે સ્ટ્રેસ અને એન્ઝાયટી દૂર રાખવા માટે યોગ, પ્રાણાયામ, સકારાત્મક વિચારસરણી તથા સમયસર સંવાદ જેવા સરળ ઉપાયો સમજાવ્યા હતા. MSW નીતાબેને વિદ્યાર્થીઓને માનસિક સ્વાસ્થ્ય જાળવવા અને મુશ્કેલ સમયમાં હિંમત ન હારવાની પ્રેરણા આપી પ્રતિજ્ઞા લેવડાવી હતી.



કાર્યક્રમના સફળ આયોજન બદલ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખુંટ, મનસુખભાઈ ધાનાણી તથા કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ શુભેચ્છાઓ પાઠવી હતી અને વિદ્યાર્થીઓને માનસિક રીતે સશક્ત બની આગળ વધવા પ્રોત્સાહિત કર્યા હતા.

# ગજેરા સંકુલની પી.આર. ધામી કન્યા શાળામાં 'ગુડ ટચ-બેડ ટચ' અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા.૨૦



ગજેરા શૈક્ષણિક સંકુલ સ્થિત શ્રીમતી પી.આર. ધામી પ્રાથમિક કન્યા શાળામાં વિદ્યાર્થિનીઓની સુરક્ષાને પ્રાધાન્ય આપતા 'ગુડ ટચ – બેડ ટચ' વિષય પર મોટીવેશનલ સેમિનાર યોજાયો હતો. અમરેલી સીટી પોલીસ સ્ટેશનના મહિલા હેડ કોન્સ્ટેબલ વૈશાલીબેન ચાવડા અને દયાબેન ચાવડાએ વક્તા તરીકે હાજર રહી વિદ્યાર્થિનીઓને સંબોધ્યા હતા. તેમણે બાળાને સ્પર્શની સમજ આપી કોઈ પણ અઘટિત ઘટના કે સમસ્યા સમયે તુરંત માતા-પિતા, શિક્ષકો અથવા ૧૮૧ અભયમ હેલ્પલાઈનનો સંપર્ક કરવા પ્રેરક માર્ગદર્શન આપ્યું હતું.

# અમરેલી ખાતે 'વિશ્વ માતૃભાષા દિવસ' નિમિત્તે ભવ્ય કવિ સંમેલન યોજાશે

**માતૃભાષા મહોત્સવમાં અગ્રણી કવિઓ કાવ્યપઠન કરશે**

અમરેલી,તા.૨૦

ગુજરાત સાહિત્ય અકાદમી-ગાંધીનગર અને સંસ્કાર ભારતી-અમરેલી સહિતની સંસ્થાઓના સંયુક્ત ઉપક્રમે ૨૧ ફેબ્રુઆરી, શનિવારના રોજ 'વિશ્વ માતૃભાષા દિવસ' ની ઉજવણી કરવામાં આવશે. આ અવસરે શહેરના બાલભવન સભાખંડમાં રાત્રે ૮:૩૦ કલાકે એક ભવ્ય કવિ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. અકાદમીના અધ્યક્ષ ડૉ. ભાગ્યેશ ઝાની પ્રેરણા અને ડૉ. જયેન્દ્રસિંહ જાદવના માર્ગદર્શન હેઠળ આ માતૃભાષા મહોત્સવ-૨૦૨૬ યોજાઈ રહ્યો છે.

કવિ રમેશ પારેખની કર્મભૂમિ અમરેલીના આંગણે યોજાનારા આ સંમેલનમાં અગ્રણી કવિઓ પ્રણવ પંડ્યા, સ્નેહી પરમાર અને કેતન જોશી કાવ્યપઠન કરી માતૃભાષાના મહિમાને વધાવશે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જાણીતા કવિ ડૉ. કેતન કાનપરિયા કરશે. આ આંતરરાષ્ટ્રીય દિવસની ઉજવણીમાં સહભાગી થવા અને કાવ્યરસનું પાન કરવા જિલ્લાના સાહિત્ય રસિકોને ગિરધરભાઈ સંગ્રહાલય અને લોકવિજ્ઞાન કેન્દ્ર દ્વારા ભાવભીનું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# અમરેલી 'તેરા તુજકો અર્પણ' અભિયાન હેઠળ પોલીસે ગુમ થયેલી રૂ.૭૦,૦૦૦ની સોનાની બુટ્ટી શોધી આપી

અમરેલી,તા.૨૦



અમરેલી ભાવનગર રેન્જ આઈજી ગૌતમ પરમાર અને અમરેલી એસપી સંજય ખરાતની સૂચનાથી કાર્યરત તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત અમરેલી સિટી પોલીસે સફળતા મેળવી છે. ગત ૧૭ ફેબ્રુઆરીના રોજ શહેરના રહેવાસી જીતેનભાઈ રમેશભાઈ ધોળકીયાની અંદાજે રૂ.૭૦,૦૦૦ની કિંમતની સોનાની બે બુટ્ટી ગુમ થઈ હતી. આ અંગેની અરજી મળતા જ પોલીસ હરકતમાં આવી હતી.અમરેલી સિટી પોલીસ ઈન્સ્પેક્ટર ડી.કે. વાઘેલાના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ ટીમ અને કમાન્ડ કંટ્રોલ (નેત્રમ) દ્વારા હ્યુમન સોર્સ તેમજ સીસીટીવી ફૂટેજના આધારે તપાસ હાથ ધરવામાં આવી હતી. ટેકનિકલ સર્વેલન્સની મદદથી ગુમ થયેલ સોનાના દાગીના શોધી કાઢવામાં આવ્યા હતા અને મૂળ માલિકને પરત સોંપાયા હતા. પોતાની કિંમતી મિલકત પરત મળતા અરજદારે અમરેલી પોલીસની કાર્યનિષ્ઠાનો આભાર વ્યક્ત કર્યો હતો.

# સાવરકુંડલામાં પદ્મશ્રી રતિલાલ બોરીસાગરનું પૂજ્ય મોરારીબાપુના હસ્તે સન્માન

સાવરકુંડલા, તા.૨૦

સાવરકુંડલાની ધરતી પર ગતરોજ હાસ્ય સમ્રાટ પદ્મશ્રી રતિલાલ બોરીસાગરનો ભવ્ય સન્માન સમારોહ લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરના પટાંગણમાં યોજાયો હતો. સંત શિરોમણી પૂજ્ય મોરારીબાપુના હસ્તે રતિલાલ બોરીસાગરનું સન્માન કરાતા સમગ્ર પંથકમાં હરખની હેલી જોવા મળી હતી. આ પ્રસંગે રતિલાલભાઈએ ભાવુક હૃદયે બાપુના આશીર્વાદને પોતાનું પરમ સૌભાગ્ય ગણાવ્યું હતું.



વિદ્યાગુરુ ફાઉન્ડેશન અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં ધારાસભ્ય મહેશભાઈ કસવાળા, માયાભાઈ આહીર અને મેહુલભાઈ ત્રિવેદી સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. હરેશભાઈ મહેતા અને ટ્રસ્ટીગણની જહેમતથી યોજાયેલા આ પ્રસંગે હાસ્ય સાહિત્યની રાષ્ટ્રીય સ્તરે લેવાયેલી નોંધને સાહિત્ય જગત માટે ગૌરવરૂપ ગણાવી હતી. મોટી સંખ્યામાં ઉમટી પડેલી જનમેદનીએ સાવરકુંડલાના આ 'અણમોલ રત્ન'ને વધાવી લઈ શિક્ષણ અને સાહિત્યના વારસાને સુવર્ણ અક્ષરે અંકિત કર્યો હતો.

**વિદ્યાગુરુ ફાઉન્ડેશન દ્વારા આયોજિત સમારોહમાં સાહિત્યિક ગરિમા અને ગુરુવંદનાનો ત્રિવેણી સંગમ**

# અમરેલીમાં 'ગંગા સ્વરૂપા સહાય'માટે ૨૩ ફેબ્રુઆરીથી પોસ્ટ ઓફિસમાં મેગા કેમ્પ

અમરેલી,તા.૨૦

ટપાલ વિભાગ દ્વારા ૨૩ થી ૨૫ ફેબ્રુઆરી દરમિયાન તમામ પોસ્ટ ઓફિસ ખાતે વિશેષ કેમ્પનું આયોજન કરાયું છે.

'ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના' હેઠળ મળતી સહાય સીધી ખાતામાં (DBT) જમા થાય તે માટે આધાર સિડેડ ખાતું હોવું અનિવાર્ય છે. આ કેમ્પમાં ઈન્ડિયન પોસ્ટ પેમેન્ટ બેંક (IPPB) ના નવા ખાતા ખોલવા અને આધાર સિડિંગની કામગીરી કરવામાં આવશે. લાભાર્થીઓએ આધારકાર્ડ, મોબાઈલ નંબર અને પાસબુક સાથે નજીકની પોસ્ટ ઓફિસનો સંપર્ક કરવા જિલ્લા મહિલા અને બાળ અધિકારી દ્વારા જણાવાયું છે.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)


વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ, રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોન: ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

# બાબરાના વાંકીયા ફાયરિંગ બટ વિસ્તારમાં પ્રવેશબંધી, અધિક મેજિસ્ટ્રેટનું જાહેરનામું

અમરેલી,તા.૨૦

બાબરા તાલુકાના વાંકીયા ગામ સ્થિત ફાયરિંગ બટ ખાતે પોલીસ કર્મચારીઓની વાર્ષિક ફાયરિંગ પ્રેક્ટિસ યોજાનાર હોવાથી સુરક્ષાના કારણોસર પ્રતિબંધાત્મક આદેશો જારી કરાયા છે. અમરેલી જિલ્લા અધિક મેજિસ્ટ્રેટ દ્વારા પ્રસિદ્ધ કરાયેલા જાહેરનામા મુજબ, ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી ફાયરિંગ બટની ચારે તરફ ૧૦૦ મીટરમાં વિસ્તારમાં સામાન્ય જનતા કે રાહદારીઓની અવરજવર પર મનાઈ ફરમાવવામાં આવી છે.સરકારી પડતર જમીન રે.સ.નંબર ૬૦૧ માં નિર્ધારિત આ સીમામાં પ્રવેશ કરનાર વિરુદ્ધ કલમ-૧૩૧ મુજબ કડક શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે. પોલીસ પ્રેક્ટિસ દરમિયાન કોઈ અઘટિત ઘટના ન બને તે માટે તંત્ર દ્વારા આ તકેદારીના પગલાં લેવામાં આવ્યા છે.

## :: જાહેર નોટીસ ::

આથી અમો નીચે સહી કરનાર-એસ.પી.ભડકોલીયા, (એમ.કોમ, એલ.એલ.બી., એડવોકેટ & નોટરી), સરનામુ-પોલીસ સ્ટેશન સામે, મુ.લીલીયા, તા.લીલીયા, જિ.અમરેલી ના અમોના અસીલની સુચના અને ફરમાઈશ મુજબ નીચેની વિગતે જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે,

અમોના અસીલ અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના મોજે-લોંકી ગામે ખેડુત ખાતા નં-૪૬૨ ની ખેતીના માલીકશ્રી નરશીભાઈ વલ્લભભાઈ અકબરી ના સ્વતંત્ર નામે મોજે–લોંકી, સ.નં-૨૯૬ (જુનો સ.નં-૬૫) ક્ષેત્ર. હે.આરે. ચોમી.૨-૦૬-૪૪, આકાર-૮.૫૦ વાળી ખેતીની જમીન....

ઉપરોકત જણાવ્યા મુજબના ખેડુત ખાતેદાર માલીક પાસેથી ઉપરોકત વિગતે જણાવેલ સર્વેનંબર, ખાતા નંબર, ક્ષેત્રફળ, તેમજ આકાર વાળી ખેતીની જમીન અમોના અસીલ વેચાણથી ખરીદ કરી, લેવા માંગતા હોઈ, જેથી જાહેર જનતાને આથી જાણ કરવામાં આવે છે કે, ઉપરોકત જણાવેલ જમીન ઉપર કોઈનો હક, હિત, હિસ્સો, દાવો, લીયન, બોજો, ગીરો, વેચાણખત, સાટાખત કે બાનાખત તેમજ લાગ ભાગ કે હક હિસ્સો સમાયેલા હોય તો, આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૫ (પંદર) માં અમો રૂબરૂ આધાર પુરાવાઓ સાથે ઉપરના સરનામે રજુ કરશો. જો તેમ નહિ કરવામા આવે તો હક જતો (વેવ) કરેલ છે, તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.

સદરહુ ખેતીની જમીન સંબંધે કોઈપણ પ્રકારના રેવન્યુ ખાતામાં, પંચાયત વિભાગમાં, કે કોઈ પ્રકારની કોર્ટમાં કે અન્ય કોઈ જગ્યાએ વાદ વિવાદ ચાલતા હોય, કે ચાલેલ હોય તો તેવા વાદ વિવાદના પક્ષકારોએ સાધનીક કાગળો સાથે આ નોટીસની તારીખથી દિન-૧૫ (પંદર) માં અમારો ઉપરના સરનામે સંપર્ક કરવો. જો તેમ નહિ કરવામા આવે તો ઉપરોકત ખેતીની જમીન ટાઈટલ કલીયર છે. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. ત્યારબાદ કોઈપણનો વાંધો, વચકો કે તકરાર ચાલશે નહિ. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

મારા અસીલની સુચના અને ફરમાઈશથી....

**સ્થળ :- લીલીયા**
**તારીખ :- ૨૦/૨/૨૦૨૬**

**એસ.પી.ભડકોલીયા**
**(એડવોકેટ & નોટરી)**
**મો.નં.૯૮૯૮૩ ૧૩૮૯૪**

## મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર

**કોર્ટ રોડ, વિસાવદર**

નં. એમએજી/કેસ નં.૨૪/૨૦૨૬ તા.૧૭/૦૨/૨૦૨૬

શ્રી વાલાભાઈ પ્રેમજીભાઈ સેંજલીયા
રહે.પીયાવા(ગીર), તા.વિસાવદર, જી.જુનાગઢ
........અરજદાર

-::વિરૂધ્ધ::-

જન્મ-મરણ રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી, પીયાવા(ગીર), તા.વિસાવદર, જી.જુનાગઢ .........સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, શ્રી વાલાભાઈ પ્રેમજીભાઈ સેંજલીયા રહે. પીયાવા(ગીર), તા.વિસાવદર, જી.જુનાગઢ એ તેમના માતૃશ્રી મણીબેન પ્રેમજીભાઈ સેંજલીયાનું તા.૧૦/૦૭/૨૦૦૬ ના રોજ વિસાવદર તાલુકાના પીયાવા(ગીર) ગામ મુકામે અવસાન થયેલ છે જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, કાલસારી, તા.વિસાવદર, જી.જુનાગઢના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, પીયાવા(ગીર), તા.વિસાવદર, જી.જુનાગઢના મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૧૭ મી ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

**તૈયાર કરનાર**
**સહી.**
**(પી.વી. શિંગડીયા)**
**નાયબ મામલતદાર**
**વિસાવદર**

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સહી.**
**(આર.એન.ખોડભાયા)**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**વિસાવદર**

## ધારીના મામલતદાર અને એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટની કોર્ટમાં

**જ.મ. અપીલ રજી નં. ૭૩/૨૦૨૬** **તા.૦૨/૦૨/૨૦૨૬**

અરજદાર :- શ્રી કુલદિપકુમાર નરેશભાઈ બાવીસી
રહે.ઘર નં.૨૭, સાઈભક્તિ બંગલોઝ, કાકરાપરા જમણા કાંઠા કેનાલ, સાયણ-કઠોર રોડ, વેલંજા, તા.અબ્રામ, જિ.સુરત મો.નં.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ -મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી
મુ.સરસીયા, તા.ધારી, જી. અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, સરસીયા ગામ તાલુકા ધારી અરજદારશ્રી એ તેઓના પોતાનો જન્મ તા.૧૬/૦૮/૧૯૯૫નાં રોજ સરસીયા ગામે થયેલ હોવાની નોંધ દાખલ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામનાં સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમનાં મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ ફરમાવવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા. ૦૨/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી**
**એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ,**
**ધારી**

## મામલતદાર અને એકઝીક્યુટિવ મેજિસ્ટ્રેટની કોર્ટમાં, ભેંસાણ

**-:: જાહેર નોટીસ ::-**

**કેસ.નં.જન્મ-મરણ/૧૪/૨૦૨૬**

શ્રી વર્ષાબેન બટુકભાઈ ભોળાભાઈ પોકળ વા/ઓ અશોકભાઈ હંસરાજભાઈ કાપડીયા
રહે.ખાખરા હડમતીયા, તા. ભેસાણ
હાલ રહે. પિંડાખાઈ નાની, તા.વિસાવદર જી.જુનાગઢ ........વાદી

**વિરૂધ્ધ**

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - ખાખરા હડમતીયા
તા.ભેંસાણ, જી-જુનાગઢ .....પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી વર્ષાબેન બટુકભાઈ ભોળાભાઈ પોકળનો જન્મ તા.૧૫/૦૬/૧૯૮૦ના રોજ ગામ/મોજેઃ ખાખરા હડમતીયા, તા.ભેંસાણ, જિ.જુનાગઢ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે અરજદારશ્રીની જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી - ખાખરા હડમતીયા, તા.ભેંસાણ, જિ.જુનાગઢના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ :- ૧૬ મી માહે : ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા સિક્કા કરી આપ્યા.

**સહી,**
**(આઈ.આર. પારગી)**
**મામલતદાર અને**
**એકઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ**
**ભેંસાણ**



# ગુજરાત બજેટને આવકારતા જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણી

અમરેલી,તા.૨૦

ગુજરાત રાજ્યના તાજેતરના બજેટમાં સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખી વિવિધ ક્ષેત્રો માટે મહત્વપૂર્ણ જોગવાઈઓ કરવામાં આવી છે. ખેડૂતો માટે સહાયનો વિશાળ પટારો ખોલવામાં આવ્યો છે. વિજ સહાય માટે રૂ.૯૩૨૪ કરોડ ફાળવવામાં આવ્યા છે. ઉપરાંત ખેડૂતોને રૂ.૩ લાખ સુધીનો ૦ ટકા વ્યાજે પાક લોન આપવામાં આવશે અને આધુનિક ખેતીને પ્રોત્સાહન આપવામાં આવશે. અકસ્માત મૃત્યુ કે કાયમી અપંગતાના કિસ્સામાં "સુરક્ષા કવચ" રૂપે રૂ.૪ લાખની સહાય આપવામાં આવશે. મત્સ્યોદ્યોગ યોજના હેઠળ સાગર ખેડૂતો માટે પણ નોંધપાત્ર રકમ ફાળવવામાં આવી છે.શિક્ષણ ક્ષેત્રે રૂ.૬૩,૧૮૪ કરોડની જોગવાઈ સાથે શિક્ષણ પર વિશેષ ભાર મુકાયો છે. ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ માટે રૂ.૪,૮૪૨ કરોડ ફાળવાયા છે.



શ્રમિક અન્નપૂર્ણા યોજનાના ૧૨૧ નવા બુથ તથા ૫૦ ધન્વંતરી આરોગ્ય રથ શરૂ કરવાની જાહેરાત કરાઈ છે. ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા પાંચ નવી જી.આઈ.ડી.સી.ની સ્થાપના કરવામાં આવશે અને "બ્લુ ઈકોનોમી"ને ગતિ આપવા બંદરો તથા વાહન વ્યવહાર માટે વિશેષ ફાળવણી કરાઈ છે. લોથલ ખાતે નિર્માણાધીન નેશનલ મેરીટાઈમ મ્યુઝિયમ સાથે પ્રવાસનને વેગ આપવા વર્ષ ૨૦૨૬ને "પ્રવાસન વર્ષ" જાહેર કરવામાં આવ્યું છે. ૭૫ લાખ ગરીબ પરિવારોને મફત અનાજ, ૩.૧૫ લાખ નવા આવાસ અને એસ.ટી. માટે ૨૫૦૦થી વધુ નવી બસો ફાળવાઈ છે. ગ્રામ સડક યોજના હેઠળ માર્ગ વિકાસ અને ૧૨૦૦ કિમી હાઈસ્પીડ કોરિડોરની જાહેરાત કરાઈ છે. એસ.સી./એસ.ટી. વિદ્યાર્થીઓ માટે આવક મર્યાદા રૂ.૨.૫ લાખથી વધારી રૂ.૬ લાખ કરાઈ છે. સમગ્ર બજેટ લોકહિત અને વિકાસલક્ષી દિશામાં આગળ વધતું દેખાઈ રહ્યું છે તેમ અંતમાં જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણીએ જણાવ્યું હતુ.

**અકસ્માત મૃત્યુ કે કાયમી અપંગતાના કિસ્સામાં "સુરક્ષા કવચ" રૂપે રૂ.૪ લાખની સહાય**

# સાવરકુંડલામાં જીઓ નેટવર્કની કથળતી સેવા: વારંવાર કલાકો સુધી હેરાણ થતા ગ્રાહકો

સાવરકુંડલા,તા.૨૦

અમરેલી જિલ્લાના સાવરકુંડલામાં રિલાયન્સ જીઓનું નેટવર્ક છેલ્લા એક મહિનાથી વારંવાર ખોરવાતા હજારો યુઝર્સ ભારે હાલાકી ભોગવી રહ્યા છે. શહેરના અનેક રહેણાંક અને વ્યાપારી વિસ્તારોમાં કલાકો સુધી નેટવર્ક ડાઉન રહેવાની ફરિયાદો ઉઠી છે. આ ટેકનિકલ ખામીને કારણે કોલિંગ તેમજ ઈન્ટરનેટ સેવાઓ ઠપ થઈ જતાં સ્થાનિક વેપારીઓના ઓનલાઈન વ્યવહારો અને વિદ્યાર્થીઓના અભ્યાસ પર માઠી અસર પડી રહી છે.સ્થાનિક ગ્રાહકોના આક્ષેપ મુજબ, વારંવારની રજૂઆતો છતાં કંપનીના જવાબદાર અધિકારીઓ દ્વારા કોઈ નક્કર સોલ્યુશન લાવવામાં આવતું નથી. સત્તાવાર પ્રતિસાદના અભાવે યુઝર્સમાં ભારે રોષ વ્યાપ્યો છે. જો નેટવર્કની આ અસ્થિરતા વહેલી તકે દૂર કરવામાં નહીં આવે, તો ગ્રાહકોએ સામુહિક રીતે અન્ય નેટવર્ક ઓપરેટરમાં પોર્ટ થવાની ચીમકી ઉચ્ચારી છે. વારંવારના આ વિક્ષેપથી હવે સાવરકુંડલાના રહેવાસીઓ મુશ્કેલીમાં મુકાયા છે.

**ઇન્ટરનેટ અને કોલિંગ ઠપ થતા વેપારીઓ-વિદ્યાર્થીઓમાં રોષ; કંપનીની નિષ્ક્રિયતા સામે પૉર્ટિંગની ચીમકી**

# જૂનાગઢ ભારતી આશ્રમ ખાતે જાફરાબાદના નિધિબેન ઠાકર 'શ્રેષ્ઠ શિક્ષક' એવોર્ડથી સન્માનિત

જાફરાબાદ,તા.૨૦

જૂનાગઢ ભવનાથ તળેટી ખાતે આયોજિત મહાશિવરાત્રી મેળા દરમિયાન ભારતી આશ્રમમાં એક વિશેષ સન્માન સમારોહ યોજાયો હતો. જેમાં બ્રહ્મલીન ભારતીબાપુના આશીર્વાદ અને પૂજ્ય હરિહરાનંદજીની ઉપસ્થિતિમાં જાફરાબાદના બ્રહ્મ અગ્રણી મહેશભાઈ ઠાકરની પુત્રી નિધિબેન (શ્રદ્ધા) ઠાકરને "શ્રેષ્ઠ શિક્ષક" એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.



શિક્ષણ ક્ષેત્રે તેમની અથાક નિષ્ઠા અને સાધનાને બિરદાવતા આ સન્માનથી ઠાકર પરિવાર અને જાફરાબાદ બ્રહ્મ સમાજમાં હર્ષની લાગણી છવાઈ છે.

# ચલાલા નગરપાલિકામાં બંધ પડેલી આધાર કાર્ડની કિટ ફરી શરૂ કરવા ઉચ્ચ સ્તરે રજૂઆત

ચલાલા,તા.૨૦

ચલાલા શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોના અરજદારોની હાલાકીને ધ્યાને રાખી નગરપાલિકામાં આધાર કાર્ડની કામગીરી સત્વરે શરૂ કરવા માંગ ઉઠી છે. નગરપાલિકાના કારોબારી ચેરમેન જયશ્રીબેન સોલંકીએ ધારી મામલતદારને લેખિત રજૂઆત કરતા જણાવ્યું છે કે, પાલિકામાં લાંબા સમયથી આધાર કિટ બંધ હોવાથી લોકોએ ધરમધક્કા ખાવા પડે છે.

હાલ માત્ર પોસ્ટ ઓફિસમાં જ કામગીરી ચાલુ છે, જ્યાં મર્યાદિત ફોર્મ સ્વીકારાતા હોવાથી ગરીબ અને મધ્યમ



વર્ગના પરિવારો મુશ્કેલીમાં મુકાયા છે.ખાસ કરીને શાળામાં નવા પ્રવેશ અને બાયોમેટ્રિક અપડેટ માટે વિદ્યાર્થીઓને આધાર સુધારણાની તાતી જરૂર હોય છે. આ સમસ્યાના ઉકેલ માટે ધારી પ્રાંત અધિકારી અને ધારાસભ્ય જે.વી. કાકડીયાને પણ રજૂઆતની નકલ મોકલી યોગ્ય નિર્ણય લેવા વિનંતી કરાઈ છે.

**માત્ર એક જ કિટ ચાલુ હોવાથી અરજદારો અને વિદ્યાર્થીઓને ભારે હાલાકી; કારોબારી ચેરમેને મામલતદારને પાઠવ્યો પત્ર**

# રીસામણે રહેલી પત્નિએ સાથે જવાની ના પાડતા પતિએ માર માર્યો

**રાજુલામાં બનેલી ઘટના અંગે પોલીસ ફરિયાદ નોંધાઈ**

રાજુલા, તા. ૨૦

રાજુલામાં રીસામણે રહેતી પત્નિએ સાથે જવાની ના પાડતા પતિએ તેને માર માર્યો હોવાની ઘટના સામે આવી છે. આ અંગે જયાબેન બાબુભાઈ સોરઠીયા (ઉ.વ. ૩૪)એ પતિ બાબુભાઈ જીવાભાઈ સોરઠીયા (ઉ.વ. ૩૩) સામે ફરિયાદ નોંધાવી છે.પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, પતિ અવારનવાર ઝઘડા કરી મારપીટ કરતો હોવાથી જયાબેન છેલ્લા આઠ દિવસથી રાજુલા ખાતે પોતાના પિયરમાં રહેતા હતા. દરમિયાન, પતિ તેમને તેડવા આવ્યા હતા, પરંતુ જયાબેને સાથે જવાની ના પાડતા ઉશ્કેરાયેલા પતિએ લાકડી વડે તેમને માર માર્યો હતો. રાજુલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ.એસ. બાંભણીયા આ મામલે વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલી CBSE બોર્ડની પરીક્ષા સંદર્ભે કડક જાહેરનામું, કેન્દ્રોની ૧૦૦ મીટરમાં પ્રતિબંધાત્મક આદેશ

અમરેલી,તા.૨૦

અમરેલી જિલ્લામાં ૧૭ ફેબ્રુઆરીથી ૧૧ એપ્રિલ ૨૦૨૬ દરમિયાન યોજાનારી ધોરણ ૧૦ અને ૧૨ની CBSE બોર્ડની પરીક્ષાઓને લક્ષમાં રાખી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. પરીક્ષા પ્રક્રિયા પારદર્શી અને શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે માટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૧૬૩ હેઠળ પ્રતિબંધાત્મક આદેશો લાગુ કરાયા છે.જાહેરનામા અનુસાર, પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં ઝેરોક્ષ અને ફેક્સ મશીનોના ઉપયોગ પર પ્રતિબંધ રહેશે. આ ઉપરાંત, પરીક્ષાર્થીઓ કે સ્ટાફ માટે મોબાઈલ ફોન, સ્માર્ટ વોચ અને ઈલેક્ટ્રોનિક ગેજેટ્સ લેવા પર મનાઈ ફરમાવવામાં આવી છે. પરીક્ષા દરમિયાન લાઉડ સ્પીકર વગાડવા કે ચારથી વધુ વ્યક્તિઓએ એકઠા થવા પર પણ રોક લગાવી છે. આ આદેશનો ભંગ કરનાર વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે. અમરેલીની પોદાર સ્કૂલ, રાજુલાની આદિત્ય બિરલા અને મોટા ભંડારિયાની નવોદય વિદ્યાલય ખાતે આ નિયમોનો કડક અમલ કરવા પોલીસ અને શિક્ષણ વિભાગને સૂચના અપાઈ છે.




# ચલાલાના ગાયત્રી સંસ્કારધામના ડૉ. રતિદાદાના પુત્ર પરેશભાઈ મહેતા 'જવેલ્સ ઓફ ઈન્ડિયા' એવોર્ડથી સન્માનિત

**કેન્દ્રીય પર્યટન અને સંસ્કૃતિ મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવતની ઉપસ્થિતી**

ચલાલા,તા.૨૦

ચલાલાના 'યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ'ના પ. પૂ. સંત ડૉ. રતિદાદાના પુત્ર અને યુગાન્ડા (કંપાલા)ના ભારતીય સમુદાયના અધ્યક્ષ પરેશભાઈ મહેતાને તાજેતરમાં દિલ્હી ખાતે કેન્દ્રીય પર્યટન અને સંસ્કૃતિ મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવતના હસ્તે "જવેલ્સ ઓફ ઈન્ડિયા, ભારત કી શાન, ભારત કા અભિમાન" એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.



આ એવોર્ડ પ્રાપ્ત કરીને તેમણે સમગ્ર યુગાન્ડા અને ભારત સહિત ગાયત્રી પરિવાર, સનાતન ધર્મ, બ્રહ્મસમાજ અને ગાયત્રી સંસ્કારધામનું ગૌરવ વધાર્યું છે.

આ સિદ્ધિ બદલ પૂજ્ય દાદા, મહેશભાઈ મહેતા, શીતલબેન મહેતા તેમજ સમગ્ર ગાયત્રી એજ્યુકેશન ગ્રુપના સ્ટાફ પરિવારે પરેશભાઈને શુભેચ્છાઓ પાઠવી હતી.

## અવસાન નોંધ

**રાજકોટ**

સ્વ. સંતોકબેન નાથાભાઈ મોરદ્યા ઉંમર વર્ષ ૯૫ તા. ૧૮/૦૨/૨૦૨૬, બુધવારના રોજ અવસાન થયેલ છે. તે ચુનીભાઈ નાથાભાઈ મોરદ્યા, દિનેશભાઈ નાથાભાઈ મોરદ્યા, ધનજીભાઈ નાથાભાઈ મોરદ્યાના માતૃશ્રી થાય છે.







## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટમાં

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૦૨/૨૬ — તા.૧૮/૦૨/૨૦૨૬

વિવાદી :- **શ્રી અશોકભાઈ ઠાકરશીભાઈ કલકાણી**
**ઠે.ચાવંડ, તા.લાઠી, જી.અમરેલી**
**મો.૯૬૦૧૨૫૨૧૨૧**
**અરજદારશ્રીના વિ.વ.શ્રી વિપુલકુમાર જે. ઓઝા,**
**ઠે.ગણેશ કોમ્પલેક્ષ, એસ.ટી.બસ સ્ટેન્ડ પાસે, લાઠી, તા. લાઠી જિ.અમરેલી**

**- //વિરૂધ્ધ//-**

**પ્રતિવિવાદી :-** જન્મ-મરણ નોંધણી અધિકારી - વ - તલાટી કમ મંત્રીશ્રી
મુ.ચાવંડ, તા.લાઠી, જિ.અમરેલી

**-// નોટીસ //-**
**(મરણનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.ચાવંડ ગામના રહિશ આ કામના અરજદારશ્રીના માતાનો ભાનુબેન ઠાકરશીભાઈ કલકાણી નો મરણ તા.૨૭/૧૧/૧૯૮૯ ના રોજ ચાવંડ, તા. લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના મરણની નોંધ કરાવેલ ન હોય/મરણની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી મરણની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૦૫/૦૧/૨૦૨૬થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ-મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૫/૦૩/૨૦૨૬ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

(કોર્ટનો સિક્કો)

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**લાઠી**

## -//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-
## રૂબરૂ સુનાવણી નોટીસ

નં.મરણ નોંધણી/અરજી નં.૧૧૩/૨૦૨૫

અરજદારશ્રી:- વઘાસીયા ધીરૂભાઈ દેવશીભાઈ,
રે.વાંશીયાળી તા.સાવરકુંડલા જી.અમરેલી

**-//વિરૂધ્ધ//-**

સામાવાળા:- ૧. તકમશ્રી, વાંશીયાળી તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણી નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પિતાશ્રી વઘાસીયા દેવશીભાઈ લખમણભાઈનું મરણ તા.૨૬/૦૬/૨૦૦૯ ના રોજ મુ.વાંશીયાળી તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૭/૦૨/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામાં રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (મરણ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો મરણ નોંધાયેલ છે કે કેમ ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા. ૧૨/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

## //એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//

અપીલ રજી. નં.૬૦/૨૦૨૬

અરજદાર :- શ્રી વિનુભાઈ રણછોડભાઈ ઠુમર
રહે.મોટા આંકડીયા, તા. જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી
મુ. મોટા આંકડીયા, તા. જી. અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના મોટા આંકડીયા ગામમાં અરજદાર શ્રી વિનુભાઈ રણછોડભાઈ ઠુમર તેઓના નાના બહેન પ્રભાબેન રણછોડભાઈ ઠુમરની જન્મ (તા.૦૧/૦૬/૧૯૬૬) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૧૧/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

(કોર્ટનો સિક્કો)

**સહી,**
**એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**

## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૪૨/૨૦૨૬

અરજદાર : શ્રી બાંભણીયા લક્ષ્મીબેન રામભાઈ
સરનામુ : મું.પીપળી કાંઠા તા.જાફરાબાદ જિ.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને
ચીફ ઓફીસર શ્રી નગરપાલિકા - જાફરાબાદ
મું.જાફરાબાદ તા.જાફરાબાદ જિ.અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના જાફરાબાદ** ગામના **શ્રી બાંભણીયા લક્ષ્મીબેન રામભાઈ** એ **પુત્ર નામે શ્રી બાંભણીયા અજય રામભાઈ નો જન્મ** તા.૨૩/૦૧/૨૦૦૨ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એમ.જી.નાગર** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ માહે. ૦૪ ફેબ્રુઆરી સને. ૨૦૨૬ નાં રોજ મારી સહિ તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ:- ૦૪/૦૨/૨૦૨૬**

(કોર્ટનો સિક્કો)

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

# રાજુલામાં છત્રપતિ શિવાજી મહારાજ જયંતી નિમિત્તે 'હિંદુ સંમેલન' યોજાયું

રાજુલા,તા.૨૦

રાજુલા ખાતે બલરામ હિંદુ સમિતિ દ્વારા ગત તા. ૧૯/૦૨/૨૦૨૬, ગુરુવારના રોજ છત્રપતિ શિવાજી મહારાજની જયંતી નિમિત્તે છતડિયા રોડ સ્થિત સ્વામિનારાયણ મંદિર (SMVS) ખાતે ભવ્ય 'હિંદુ સંમેલન'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શહેર તેમજ તાલુકાના તમામ વર્ગના લોકોની બહોળી ઉપસ્થિતિથી સંમેલન સફળતાપૂર્વક સંપન્ન થયું હતું. કાર્યક્રમમાં સાધુ-સંતો, વિવિધ સંસ્થાઓના આગેવાનો તેમજ મોટી સંખ્યામાં ધર્મપ્રેમી જનતા ઉપસ્થિત રહી હતી. કાર્યક્રમની શરૂઆત સાધુ-સંતોના હસ્તે દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી, ત્યારબાદ તમામ સંતોનું સન્માન કરવામાં આવ્યું હતું. આ અવસરે ઉપસ્થિત સૌ ભક્તો દ્વારા સમૂહમાં હનુમાન ચાલીસાના પાઠ કરવામાં આવ્યા હતા.આ સંમેલનનો મુખ્ય ઉદ્દેશ "પંચ પરિવર્તન" વિષય પર સમાજમાં જાગૃતિ લાવવાનો હતો, જેમાં



સામાજિક સમરસતા, પર્યાવરણ સંરક્ષણ, કુટુંબ પ્રબોધન, નાગરિક કર્તવ્ય અને સ્વદેશી ભાવના જેવા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં વિશેષ આકર્ષણ તરીકે, અયોધ્યાથી લાવવામાં આવેલા પવિત્ર સરયૂ નદીના જળના દર્શનનો લ્હાવો ઉપસ્થિત સૌએ લીધો હતો અને ધન્યતા અનુભવી હતી.સમગ્ર કાર્યક્રમનું સુવ્યવસ્થિત સંચાલન નિકુંજ પંડિત દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે બલરામ હિંદુ સમિતિના સંકેતભાઈ રાવળ, રાકેશભાઈ જોશી, શૈલેષભાઈ જાખરા, ભરતભાઈ મહેતા, ગીરીશભાઈ પટેલ, જાદવભાઈ વાળા, બ્રિજેશભાઈ બોરીસાગર, કમલેશભાઈ રાઠોડ, મનીષભાઈ લાલાણી, ઘનશ્યામભાઈ ઉનાગર, વિક્રમભાઈ ધાખડા અને કૌશિકભાઈ સહિત અનેક કાર્યકરોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# દામનગર: પ્રાથમિક શાળા પાસે ગંદકીનું સામ્રાજ્ય, તંત્રના બોર્ડ માત્ર શોભાના ગાંઠિયા

દામનગર,તા.૨૦

દામનગર નગરપાલિકા વિસ્તારમાં સ્વચ્છતાના નિયમોનું સરેઆમ ઉલ્લંઘન થતું જોવા મળી રહ્યું છે. શહેરની પ્રાથમિક શાળા નંબર ૧ ની દીવાલને અડીને, શાકભાજીના થડા અને પે-એન્ડ-યુઝ ટોઈલેટની નજીક પાલિકા દ્વારા 'કચરો નાખવો પ્રતિબંધિત છે' તેવા સૂચના બોર્ડ લગાવવામાં આવ્યા છે. જોકે, વાસ્તવિકતા કંઈક અલગ જ છે. આ બોર્ડ અને કચરાપેટીની આસપાસ જ કચરાના ઢગલા ખડકાયેલા રહે છે.આ સ્થળની બિલકુલ નજીક બે પ્રાથમિક શાળાઓ આવેલી છે અને તે મુખ્ય જાહેર માર્ગ હોવાથી હજારો લોકોની અવરજવર રહે છે. ખુલ્લામાં ફેલાયેલા કચરાને કારણે વિદ્યાર્થીઓ અને સ્થાનિકોના આરોગ્ય સામે ગંભીર જોખમ ઊભું થયું છે. તંત્ર દ્વારા કરવામાં

**સ્વચ્છતાના નિયમોનું સરેઆમ ઉલ્લંઘન**

આવતો સ્વચ્છતાનો ખર્ચ ત્યારે જ સફળ થશે જ્યારે નાગરિકો જાગૃત બની સહકાર આપશે. જો આ ગંદકીનો વહેલી તકે નિકાલ કરવામાં નહીં આવે, તો રોગચાળો ફાટી નીકળવાની ભીતિ સેવાઈ રહી છે.

# અમરેલી તાલુકાના નાના માચીયાળા ગામે પાર્કિંગ યાર્ડમાંથી ટ્રકની ચોરી

**બાબરાના શખ્સ વિરુદ્ધ ફરિયાદ નોંધાઇ**

અમરેલી, તા. ૨૦

અમરેલીના નાના માચીયાળા ગામે 'જય દ્વારકાધીશ પાર્કિંગ યાડ' માંથી ટ્રકની ચોરી થતાં ચકચાર મચી ગઈ છે. આ મામલે બાબરાના એક શખ્સ વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ હતી. અમરેલીમાં રહેતા અનિરુદ્ધસિંહ વજેસિંહ ગોહીલએ બાબરાના શ્યામ હિંમતભાઇ તેરૈયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીએ તેમના કબજા હેઠળના પાર્કિંગ યાર્ડમાં ગેરકાયદેસર પ્રવેશ કર્યો હતો. આરોપીએ ચોકીદાર લાલભાઈ કોળીની નજર ચૂકવી યાર્ડમાંથી કંપનીએ ખેંચેલો ટ્રક (નંબર: GJ ૧૪ Z ૭૦૯૫, કિંમત રૂ. ૫,૦૦,૦૦૦) ચોરી કરી નાસી છૂટ્યો હતો. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી.ડી. અમરેલીયા આ અંગે વધુ તપાસ કરી રહ્યા છે.

# સા.કુંડલામાં પોલીસ રેડની અદાવતમાં યુવકનું અપહરણ કરી માર માર્યો

સાવરકુંડલા, તા. ૨૦

સાવરકુંડલામાં વર્ષ પહેલાં થયેલી પોલીસ રેડના મનદુઃખમાં એક યુવકનું અપહરણ કરી તેને માર મારવામાં આવ્યો હોવાની ઘટના બની છે. આ અંગે પોલીસે સામસામે ફરિયાદ નોંધી છે.રવિભાઈ પ્રવીણભાઈ રાઠોડ (ઉં.વ. ૨૦) એ અલ્પેશભાઈ બાવચંદભાઈ ઉનાવા, તેમના પત્નિ, માતા તથા ત્રણ અજાણ્યા ઈસમો સામે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, આશરે એકાદ વર્ષ પહેલાં અલ્પેશભાઈના ઘરે પોલીસ રેડ થઈ હતી. તેનું મનદુઃખ રાખી રવિભાઈ જ્યારે જેસર રોડ પર પાનના ગલ્લે ગયા ત્યારે આરોપીઓએ તેમને છરી બતાવી ડરાવ્યા હતા. ત્યારબાદ તેમને પરાણે મોટર સાયકલ પર બેસાડી, અપહરણ કરી આરોપીના ઘરે લઈ ગયા હતા, જ્યાં પાઈપ તથા ઢીકાપાટુ વડે મૂઢમાર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.સામે પક્ષે વંદનાબેન અલ્પેશભાઈ ઉનાવા (ઉં.વ. ૨૨) એ રવિભાઈ પ્રવીણભાઈ રાઠોડ સામે વળતી ફરિયાદ નોંધાવી છે. જે મુજબ, રવિભાઈએ અગાઉની બોલાચાલીનું મનદુઃખ રાખી તેમના ઘરમાં ગેરકાયદે પ્રવેશ કર્યો હતો. આરોપીએ ગાળો આપી વંદનાબેનની છેડતી કરી

**સામસામે ફરિયાદ નોંધાઇ**

હતી તેમજ તેમના સાસુના ગળે છરી ધરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ ઉપરાંત તેમના પતિને પણ માર માર્યો હતો. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જે. જી. ગંગલ આ મામલે વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# રાજુલામાં સાસુ-સસરાએ ચઢામણી કરતાં પતિએ પત્નીને ત્રાસ આપ્યો

રાજુલા,તા.૨૦

રાજુલામાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જેમાં સાસુ-સસરાની ચડામણીને કારણે પતિએ પત્નિને ત્રાસ આપ્યો હતો. આ અંગે મૂળ જૂનાગઢના માળિયા હાટીનાનાં મીતલબેન રુચિકભાઈ ભરાડ (ઉ.વ. ૨૪)એ જસદણના વીરનગરમાં રહેતા પતિ રુચિક ઉમિયાશંકર ભરાડ, સસરા ઉમિયાશંકર છગનભાઈ ભરાડ અને સાસુ રેખાબેન સામે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, પતિએ તેમની સાથે ઝઘડો અને માથાકૂટ કરી હતી. સાસુ-સસરાએ તેમની વિરુદ્ધમાં ચડામણી કરતાં પતિએ અવારનવાર શારીરિક-માનસિક ત્રાસ આપી હેરાન પરેશાન કરી હતી. રાજુલા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી. ડી. વાળા આ મામલે વધુ તપાસ કરી રહ્યા છે.

# બાબરાના તાપડીયા આશ્રમ ખાતે 'વિરાટ હિન્દૂ સંમેલન'ના આયોજન અંગે બેઠક યોજાઈ

બાબરા,તા.૨૦

બાબરાના સુપ્રસિદ્ધ તાપડીયા આશ્રમ ખાતે પૂજ્ય ઘનશ્યામબાપુના સાનિધ્યમાં અને મુકેશભાઈ ખોખરીયાના અધ્યક્ષ સ્થાને એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય આગામી વિરાટ હિન્દૂ સંમેલનની રૂપરેખા તૈયાર કરવાનો અને વિવિધ જવાબદારીઓ માટે સમિતિઓની રચના કરવાનો હતો. આયોજન મુજબ, આગામી ૨૮



ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ બપોરે ૨:૦૦ કલાકે અમરેલી રોડ પર આવેલા જલારામ મંદિરથી એક ભવ્ય મહારેલી પ્રસ્થાન કરશે. આ રેલી સરદાર સર્કલ થઈ તાપડીયા આશ્રમ પહોંચશે, જ્યાં સંતોના સન્માન સાથે મુખ્ય સભા યોજાશે. કાર્યક્રમમાં ઉપસ્થિત શ્રદ્ધાળુઓ માટે મહાપ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી છે. બેઠકના અંતે ઘનશ્યામબાપુએ સૌ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા હતા.

# ક્રાંકચ ગામે ટ્રેક્ટરની ટ્રોલીમાંથી પટકાયેલી બાળકી પર વ્હીલ ફરી વળતા મોત

લીલીયા, તા. ૨૦

અમરેલીના ક્રાંકચ ગામે પાણીના અવેડા પાસે રોડ પર ટ્રેક્ટરની ટ્રોલીમાંથી નીચે પટકાયા બાદ ટ્રોલીનું વ્હીલ ફરી વળતા ૧૦ વર્ષની બાળકીનું કરૂણ મોત નીપજ્યું હતું. બાળકીના મોતના પગલે પરિવારજનો શોકમાં ગરકાવ થઈ ગયા હતા.આ અંગે મૂળ મધ્યપ્રદેશના સાચેરા ગામના અને હાલ ક્રાંકચ ગામે વાડી વિસ્તારમાં રહેતા શેમાનભાઈ રંગજીભાઈ નિનામા (ઉ.વ. ૪૫) એ જાહેર કર્યા મુજબ, તેમની પુત્રી સરીતાબેન (ઉ.વ. ૧૦) ક્રાંકચ ગામે પાણીના અવેડા પાસેથી પસાર થઈ રહી હતી ત્યારે ટ્રેક્ટરની ટ્રોલીમાંથી નીચે પટકાઈ હતી. તેના પર ટ્રોલીનું વ્હીલ ફરી વળતા ગંભીર ઈજાઓ થવાથી તેનું મોત થયું હતું. લીલીયા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ મહેશભાઈ મધુભાઈ આ અંગે વધુ તપાસ કરી રહ્યા છે.

# લીલીયા મોટાની અમૃતબા વિદ્યાલય ખાતે 'માતૃભાષા મહોત્સવ-૨૦૨૬' ની ઉજવણી કરાઈ

લીલીયા,તા.૨૦

લીલીયા મોટા મહાલ કેળવણી મંડળ સંચાલિત અમૃતબા વિદ્યાલય ખાતે 'માતૃભાષા મહોત્સવ-૨૦૨૬' ની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમ ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના અધ્યક્ષ ભાગ્યેશ જહાની પ્રેરણાથી યોજવામાં આવ્યો હતો.આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે સંસ્થાના પ્રમુખ અને સહકારી આગેવાન અરુણભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે અતિથિ વિશેષ તરીકે સંસ્થાના માનદ મંત્રી મગનભાઈ વિરાણી, નિયામક બાબુભાઈ ધામત



સહિતના મહાનુભાવો હાજર રહ્યા હતા.કાર્યક્રમમાં વક્તા તરીકે ઉપસ્થિત ડૉ. કેતનભાઈ કાનપરિયા અને હરેશભાઈ વડાવીયાએ વિદ્યાર્થીઓને માતૃભાષા અને તેનું મહત્વ સમજાવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમ ડૉ. જયેન્દ્રસિંહ જાદવ અને ડૉ. હસમુખભાઈ કરડના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક યોજવામાં આવ્યો હતો.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: ચોથ
તા.૨૧-૦૨-૨૦૨૬, શનિવાર, સૂર્યોદય-૦૬:૫૪,
સૂર્યાસ્ત-૦૬:૧૫, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: રેવતી

## દૈનિક રાશિફળ

**તા.૨૧-૦૨-૨૦૨૬ — શનિવાર**

મેષ: આજે પારિવારિક અને આર્થિક મામલામાં સફળતા મળવાની તક છે. આજીવિકાના ક્ષેત્રે ચાલી રહેલા નવા પ્રયત્નો ફળદાયી રહેશે.

વૃષભ: આજે તમારે કડવાશને મીઠાશમાં ફેરવવાની કળા શીખવી પડશે. ઓફિસ હોય કે ઘર આજે તમને દરેક જગ્યાએ તમારા જીવનસાથીનો સહયોગ મળશે.

મિથુન: આજે તમારા વિરોધીઓ પણ તમારી પ્રશંસા કરશે. શાસક પક્ષ સાથે નિકટતા અને જોડાણનો લાભ પણ મેળવી શકાય છે.

કર્ક: આજે જ્યાં રાજકીય ક્ષેત્રે કરવામાં આવેલા પ્રયત્નો સફળ થશે ત્યાં શાસન અને સત્તા સાથે જોડાણના ફાયદા પણ મળી શકે છે.

સિંહ:આજે તમારા સ્વાસ્થ્ય અને આનંદમાં અડચણ આવી શકે છે. આજે કોઈની સાથે વિવાદ થઇ શકે છે, સંયમથી કામ કરો.

કન્યા: આજે કોઇ કિંમતી વસ્તુ ખોવાઈ જવા અથવા ચોરી થવાનો ભય રહેશે. કોઈપણ અટકેલા કામ સાંજે પૂર્ણ થઇ શકે છે.

તુલા: આજે તમે સંતાન સંબંધિત બાબતોથી ચિંતિત રહી શકો છો. જે લોકોના પારિવારિક જીવનમાં તણાવ ચાલી રહ્યો છે તેમાં આજે ઘટાડો થશે.

વૃશ્ચિક: આજીવિકાના ક્ષેત્રમાં આજે પ્રગતિ થઇ શકે છે. આ સિવાય આજે પ્રતિષ્ઠામાં વધારો થવાના સંકેત છે.

ધન: આજે આવકના નવા સ્ત્રોત મળશે. નમ્ર વાણીથી આદર મળશે. શિક્ષણ- સ્પર્ધામાં વિશેષ સફળતા પ્રાપ્ત થઇ શકે છે.

મકર: આજે તમે કેટલીક આંતરિક સમસ્યાઓથી પીડાઇ શકો છો. તમારા માતા-પિતા સાથે તમારો સમય સારો રહેશે.

કુંભ: આજે રોજગાર-ધંધાના ક્ષેત્રે ચાલી રહેલા પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થવાની સંભાવના છે. સંતાન તરફથી સંતોષકારક સુખદ સમાચાર મળવાની સંભાવના પણ છે.

મીન: આજે તમારી આજુબાજુ સુખદ વાતાવરણ રહેશે. પરિવારના તમામ સભ્યોની ખુશીમાં વધારો થશે.

# શ્રીજી વિદ્યાર્થી ભુવન ખાતે વાર્ષિકોત્સવ-૨૦૨૬ અને ધો. ૧૦-૧૨ નો વિદાય સમારંભ યોજાયો

અમરેલી, તા. ૨૦

શ્રીજી વિદ્યાર્થી ભુવન સરસ્વતી વિદ્યાલય ખાતે ધોરણ-૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ તથા વાર્ષિકોત્સવ-૨૦૨૬ નિમિત્તે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના સંચાલક વિલાસબેન વઘાસીયાએ ઉપસ્થિત સૌનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. જ્યારે દીપકભાઈએ પોતાના વક્તવ્યમાં ઉત્તમ શિક્ષણ આપવા સમર્પિત આ સંસ્થાનો વિગતે પરિચય આપ્યો હતો. શાળાના વિદ્યાર્થીઓએ પોતાના



વક્તવ્યો અને સાંસ્કૃતિક કાર્યક્રમ થકી વાતાવરણને ઉત્સાહપ્રેરક બનાવ્યું હતું. શાળાના શિક્ષકમિત્રોએ ટૂંકા સમયમાં તમામ કૃતિઓને માવજત આપી ઉત્કૃષ્ટ બનાવવામાં પોતાનો વિશેષ સહયોગ આપ્યો હતો.કાર્યક્રમના સમાપનમાં તમામ વિદ્યાર્થીઓને સ્મૃતિ ભેટ તેમજ પ્રોત્સાહક ઈનામો આપવામાં આવ્યા હતા. વર્ષ દરમિયાન સંસ્થામાં યોજાયેલી વિવિધ પ્રવૃત્તિઓના વિજેતાઓને તેમજ દરેક વર્ગમાંથી પસંદગી પામેલા "સ્ટુડન્ટ ઓફ ધ યર" વિદ્યાર્થીઓને ભેટ આપી સન્માનિત કરાયા હતા. આ ઉપરાંત, સંસ્થાના જે પૂર્વ વિદ્યાર્થીઓ અત્યારે જુદી-જુદી જગ્યાએ સારી પોસ્ટ પર પોતાની સેવા આપી રહ્યા છે, તેઓએ ખાસ ઉપસ્થિત રહીને પોતાના અનુભવો વર્ણવ્યા હતા.

# સાવરકુંડલામાં કેન્સર પીડિત, થેલેસેમિયાના દર્દીઓના લાભાર્થે મહારક્તદાન કેમ્પ યોજાશે

સાવરકુંડલા,તા.૨૦

સાવરકુંડલામાં ૨૨ ફેબ્રુઆરી, રવિવારના રોજ પટેલ સમાજની વાડી શિવાજીનગર ખાતે મહારક્તદાન કેમ્પ યોજાશે. ભગવાન શ્રી સ્વામિનારાયણે ધોલેરામાં શ્રી મદનમોહનજી મહારાજની સ્થાપના કરી તેના ૨૦૦ વર્ષ પૂર્ણ થતા હોઈ તે ઉપલક્ષમાં પ. પૂ. સ. ધ. ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજની આજ્ઞા અને આશીર્વાદથી, દેશ-વિદેશમાં વસતા ભક્તો દ્વારા અનેક ધાર્મિક ઉત્સવ/અનુષ્ઠાન ઉપરાંત માનવસેવાલક્ષી કાર્યોના ભાગરૂપે 'આંતરરાષ્ટ્રીય મહારક્તદાન કેમ્પ'નું આયોજન કરવામાં આવેલ છે. જે અનુસંધાને ભારત સહિત વિશ્વના ૭ દેશોમાં, એક જ તારીખે, એક જ સાથે અલગ અલગ ગામ/શહેરમાં આવા આયોજન કરેલ છે. આ કેમ્પનો પ્રારંભ સવારે ૭:૩૦ કલાકે થશે.

# ધારગણી ગામના ખેડૂતનું હૃદયરોગના હુમલાથી અવસાન

ચલાલા, તા. ૨૦

ધારગણી ગામના એક ખેડૂતનું હૃદયરોગના હુમલાથી મોત નીપજ્યું છે. પોતાની વાડીએ કામ કરી રહ્યા હતા ત્યારે અચાનક હાર્ટ એટેક આવતા તે જીવલેણ સાબિત થયો હતો. આ અંગે સતિષભાઇ હિંમતભાઇ ગજેરા (ઉ.વ.૩૬)એ જણાવ્યા મુજબ, ભીખાભાઇ આંબાભાઇ ગજેરા (ઉ.વ.૬૫)નું હૃદયરોગના હુમલાને કારણે કરુણ મોત નીપજ્યું હતું.

# કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા ૩ ઝડપાયા

અમરેલી, તા. ૨૦

અમરેલી જિલ્લામાંથી પોલીસે ત્રણ ઈસમોને કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા ઝડપી પાડ્યા હતા. નાના મોભીયાણાં, ભાવરડી અને લીલીયામાંથી એક-એક મળી કુલ ત્રણ શખ્સો પાસ-પરમિટ વગર કેફી પીણું પીધેલી હાલતમાં જાહેરમાં ફરતા મળી આવ્યા હતા.

# રાજુલા એસટી ડેપો દ્વારા બોર્ડની પરીક્ષા માટે અનોખું આયોજન

રાજુલા,તા.૨૦

ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાઓ ૨૬/૦૨/૨૦૨૬થી શરૂ થઈ રહી હોય ત્યારે રાજુલાના ધારાસભ્યની સૂચના મુજબ અમરેલી એસટી વિભાગીય અધિકારીને ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓને અનુકૂળતા રહે તે મુજબ તમામ રૂટનું આયોજન ગોઠવવા માટેની જાણ કરવામાં આવી હતી. રાજુલા એસટી ડેપો દ્વારા યોગ્ય આયોજન કરવામાં આવેલ છે, જેથી રાજુલા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં બોર્ડની પરીક્ષા આપવા આવતા વિદ્યાર્થીઓને કોઈ તકલીફ ન પડે. આ માટે વિવિધ રૂટની વ્યવસ્થા કરવામાં આવેલ છે. આ તમામ રૂટ પરીક્ષા મુજબ ચલાવવામાં આવશે.ટ્રીપ ૧ - સવારે ૦૭.૦૦ કલાકે રાજુલા થી ચાંચબંદર,ટ્રીપ ૨ - સવારે ૦૭.૧૦ કલાકે રાજુલા દેવકા ચાંચબંદર, ટ્રીપ ૩ - સવારે ૦૭.૩૦ કલાકે રાજુલાથી દાતરડી, ટ્રીપ ૪ - સવારે ૦૮.૧૫ દાતરડી દેવકા રાજુલા, ટ્રીપ ૫ - બપોરે ૧૧.૦૦ રાજુલા થી ચાંચબંદર, ટ્રીપ ૬ - બપોરે ૧૨.૩૦ ચાંચબંદર થી રાજુલા, ટ્રીપ ૭ - સવારે ૦૮.૧૫ રાજુલા થી ચાંચબંદર, ટ્રીપ ૮ - સવારે ૦૮.૨૫ ચાંચબંદર થી રાજુલા, ટ્રીપ ૯ - રાત્રે ૧૮.૨૦ રાજુલા થી ચાંચબંદર, ટ્રીપ ૧૦ - રાત્રે ૧૯.૨૦ ચાંચબંદર થી રાજુલા, ટ્રીપ ૧૧ - બપોરે ૧૩.૩૦ દેવકા થી ચાંચબંદર, ટ્રીપ ૧૨ - બપોરે ૧૩.૩૫ દેવકા થી ચાંચબંદર, ટ્રીપ ૧૩ - બપોરે ૧૪.૩૦ ચાંચબંદર થી રાજુલા, ટ્રીપ ૧૪ - બપોરે ૧૪.૩૫ ચાંચબંદર થી રાજુલા બસ સેવા શરૂ કરવા માટે આયોજન કરવામાં આવ્યુ છે.

તંત્રી લેખ

# મહેનતથી મેળવો ગૌરવ, મફત પર નિર્ભરતા છોડો

દેશની સર્વોચ્ચ અદાલતે તાજેતરમાં ચૂંટણી પહેલાં જાહેર થતી મફત સુવિધાઓ અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે.સુપ્રીમ કોર્ટ ઓફ ઈન્ડીયા એ સ્પષ્ટ જણાવ્યું છે કે ગરીબ અને જરૂરિયાતમંદ નાગરિકોને સહાય આપવી રાજ્યની ફરજ છે, પરંતુ અંધાધૂંધ રીતે મફત સુવિધાઓ વહેંચવી યોગ્ય નથી. સમાજને એવી દિશામાં આગળ વધવું જોઈએ જ્યાં દરેક વ્યક્તિ મહેનત દ્વારા ગૌરવપૂર્ણ જીવન જીવવાનો પ્રયાસ કરે. મુખ્ય ન્યાયમૂર્તિ સૂર્યકાંતની અધ્યક્ષતામાં આવેલી પીઠે પ્રશ્ન ઉઠાવ્યો કે જો સરકાર લોકોના બેંક ખાતામાં સીધી નાણાં જમા કરે, મફત અનાજ, મફત ગેસ અને મફત વીજળી આપે, તો લોકો કામ કરવા માટે પ્રેરિત કેવી રીતે થશે? અદાલતનું કહેવું છે કે સહાય જરૂરી છે, પરંતુ તેનો હેતુ આત્મનિર્ભરતા તરફ દોરી જવાનો હોવો જોઈએ, નિર્ભરતા વધારવાનો નહીં. સહાય એવી હોવી જોઈએ કે જે લોકોને તાત્કાલિક રાહત આપે અને સાથે-સાથે લાંબા ગાળે સ્વાવલંબન તરફ આગળ ધપાવે. આ ટિપ્પણીઓ તામિલનાડુની વીજ વિતરણ કંપની દ્વારા તમામ ગ્રાહકોને મફત વીજળી આપવાની અરજીની સુનાવણી દરમિયાન કરવામાં આવી હતી. અદાલતે સ્પષ્ટ કર્યું કે જે લોકો વીજળીનો ખર્ચ સહન કરી શકે છે, તેમને પણ મફત સુવિધા આપવી ન્યાયસંગત નથી. સાચી જરૂરિયાત ધરાવતા લોકો સુધી જ સહાય પહોંચે તે વધુ યોગ્ય અને ન્યાયસભર છે. અદાલતે રાજ્યોની નાણાકીય સ્થિતિ અંગે પણ ગંભીર પ્રશ્નો ઉઠાવ્યા. વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન રાજ્યોની સંયુક્ત રાજકોષીય ખાધ દેશના કુલ ઘરેલું ઉત્પાદનના આશરે ૩.૩ ટકા સુધી પહોંચી ગઈ હતી, જ્યારે છેલ્લા ત્રણ વર્ષ સુધી આ આંકડો ૩ ટકા કરતાં ઓછો રહ્યો હતો. માર્ચ ૨૦૨૫ સુધી રાજ્યોનું કુલ દેવું દેશના કુલ ઘરેલું ઉત્પાદનના ૨૭.૫ ટકા સુધી હતું અને માર્ચ ૨૦૨૬ સુધી તે લગભગ ૨૯.૨ ટકા સુધી પહોંચવાની સંભાવના દર્શાવવામાં આવી છે. જ્યારે ખાધ અને દેવું બંને વધી રહ્યા હોય, ત્યારે અતિશય મફત સુવિધાઓનું ભારણ ભવિષ્ય માટે જોખમરૂપ બની શકે છે. દેશના ૧૯ રાજ્યોમાં કુલ અનુદાનનો અંદાજે ૫૩ ટકા હિસ્સો માત્ર વીજળી અનુદાન પર ખર્ચાઈ રહ્યો છે. કેટલાક રાજ્યોમાં આ પ્રમાણ વધુ છે. તામિલનાડુમાં અનુદાનનો મોટો હિસ્સો બસ સેવા, વીજળી અને જાહેર વિતરણ પ્રણાલી પાછળ ખર્ચાય છે, જ્યારે પંજાબમાં કુલ અનુદાનનો લગભગ ૯૦ ટકા ભાગ વીજળી માટે જ વપરાય છે. આવી પરિસ્થિતિ રાજ્યોની નાણાકીય સ્થિરતા માટે ચિંતાજનક છે. વર્ષ ૨૦૧૬-૧૭થી ૨૦૨૪-૨૫ દરમિયાન રાજ્યોની વ્યાજ ચૂકવણીમાં દર વર્ષે સરેરાશ ૧૦ ટકાનો વધારો થયો છે, જ્યારે મહેસૂલ આવકમાં વધારો લગભગ ૯.૨ ટકા રહ્યો છે. એટલે ખર્ચ આવક કરતાં વધુ ઝડપથી વધી રહ્યો છે. જો આ સ્થિતિ યથાવત્ રહેશે, તો વિકાસકાર્યો માટેની ઉપલબ્ધ રકમ ઘટતી જશે અને દેવાનો ભાર વધતો જશે. અદાલતે સ્પષ્ટ કર્યું છે કે આર્થિક રીતે નબળા વર્ગોની મદદ કરવી આવશ્યક છે. પરંતુ ચૂંટણી નજીક આવતા અચાનક યોજનાઓ જાહેર થવી વિચારવા જેવી બાબત છે.

# મહારાષ્ટ્રમાં બદલાતું સત્તાસંતુલન: પવાર યુગ પછીની રાજકીય દિશા






પ્રાસંગિક
સુરેશ દેસાઈ

મહારાષ્ટ્ર ભારતના રાજકીય અને આર્થિક દ્રષ્ટિએ સૌથી મહત્વપૂર્ણ રાજ્યોમાંનું એક છે. મુંબઈ દેશની આર્થિક રાજધાની હોવાથી રાજ્યના રાજકારણનો પ્રભાવ રાષ્ટ્રીય સ્તરે પણ સ્પષ્ટ રીતે દેખાય છે. ઔદ્યોગિક વિકાસ, સહકારી ચળવળ, કૃષિ અર્થતંત્ર અને પ્રાદેશિક અસમતોલતા-આ બધા પરિબળો મહારાષ્ટ્રની રાજકીય રચનાને આકાર આપે છે. છેલ્લા પાંચ દાયકાથી રાજ્યના રાજકારણમાં એક પ્રભાવશાળી નામ રહ્યું છે: શરદ પવાર હવે પરિસ્થિતિ એવી બની છે કે પવાર યુગ એક નવા વળાંક પર ઉભો દેખાઈ રહ્યો છે. તાજેતરમાં નેશનલ કોંગ્રેસ પાર્ટી (એનસીપી)ના બે જૂથોના સંભવિત વિલીનીકરણ અંગે ચર્ચાઓ તેજ બની હતી. ૧૨ ફેબ્રુઆરીએ તેની સત્તાવાર જાહેરાત થવાની શક્યતા વ્યક્ત થઈ હતી, પરંતુ અંતિમ ક્ષણે પ્રક્રિયા અટકી ગઈ. વિલીનીકરણ અંગે કોઈ સ્પષ્ટ શરતો જાહેર કરવામાં આવી નહોતી, જેના કારણે રાજકીય અનિશ્ચિતતા વધુ વધી. આ પરિસ્થિતિએ રાજ્યના સત્તાસંતુલન વિશે અનેક પ્રશ્નો ઊભા કર્યા છે. મહારાષ્ટ્રના રાજકારણની પૃષ્ઠભૂમિ સમજવી જરૂરી છે. લાંબા સમય સુધી ઈન્ડીયન નેશનલ કોંગ્રેસનું પ્રભુત્વ રહ્યું, ત્યારબાદ પ્રાદેશિક પક્ષો મજબૂત બન્યા. ૧૯૭૭માં શરદ પવાર મુખ્યમંત્રી બન્યા ત્યારથી તેમના પ્રભાવનો વ્યાપ વધ્યો. તેમણે ત્રણ વખત મુખ્યમંત્રી તરીકે તેમજ કેન્દ્રમાં કૃષિ અને રક્ષા પ્રધાન તરીકે સેવા આપી. ૧૯૯૯માં કોંગ્રેસથી અલગ થઈ તેમણે એનસીપીની સ્થાપના કરી. ત્યારબાદ કોંગ્રેસ-એનસીપી ગઠબંધન લાંબા સમય સુધી રાજ્યમાં સત્તામાં રહ્યું અને ગ્રામ્ય તથા શહેરી વિસ્તારોમાં મજબૂત આધાર ઊભો કર્યો. પરંતુ છેલ્લા દાયકામાં રાજકીય પરિસ્થિતિમાં નોંધપાત્ર ફેરફાર થયો છે. ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ના ઉદય અને ગઠબંધન રાજકારણના બદલાતા સ્વરૂપે નવી ગતિશીલતા સર્જી છે. ૨૦૧૪ પછી ભાજપે સંગઠનાત્મક રીતે પોતાનું વિસ્તરણ કર્યું અને પરંપરાગત સત્તાસમીકરણોને પડકાર્યા. પરિણામે, રાજ્યમાં રાજકીય સ્પર્ધા વધુ તીવ્ર બની. એનસીપીમાં આંતરિક મતભેદો વધતા બે જુદા જૂથો ઊભા થયા. રજીત પવારના નેતૃત્વ હેઠળનું જૂથ સત્તારૂઢ ગઠબંધન સાથે જોડાયું, જ્યારે શરદ પવારના નેતૃત્વ હેઠળનું જૂથ અલગ રાજકીય માર્ગે આગળ વધ્યું. (નોંધનીય છે કે અજિત પવાર જીવિત છે; તેમની બાબતે અવસાન અંગે કોઈ સત્તાવાર માહિતી ઉપલબ્ધ નથી.) બંને જૂથો વચ્ચે વિલીનીકરણ અંગે ચર્ચા થઈ હતી, પરંતુ રાજકીય પરિસ્થિતિ, નેતૃત્વના પ્રશ્નો અને ભવિષ્યની વ્યૂહરચના અંગે મતભેદો યથાવત્ રહ્યા. હાલની પરિસ્થિતિમાં દેવેન્દ્ર ફડણવીસ સૌથી સક્રિય અને વ્યૂહાત્મક નેતા તરીકે ઉભરી રહ્યા છે. તેમણે ગઠબંધન રાજકારણને સંભાળવા અને સત્તાસંતુલન પોતાના પક્ષમાં રાખવા માટે સમયોચિત પગલાં લીધાં છે. સંગઠનાત્મક મજબૂતી, કેન્દ્ર સાથેનો સુમેળ અને રાજકીય સંચાલનની કુશળતા તેમને અન્ય નેતાઓ કરતાં આગળ રાખે છે. એનસીપીના વિખંડનથી ભાજપને રાજકીય લાભ મળ્યો છે, ખાસ કરીને કેટલીક શહેરી અને અર્ધશહેરી બેઠકોમાં. મહારાષ્ટ્રમાં મરાઠા સમુદાયનો રાજકીય પ્રભાવ વિશેષ મહત્વનો છે. અંદાજે ૩૦ થી ૩૫ ટકા મતદારો મરાઠા છે, તેથી તેમનું રાજકીય ઝુકાવ નિર્ણાયક બની શકે છે. એનસીપીના વિભાજન અને કોંગ્રેસની નબળાઈને કારણે આ સમુદાયમાં અનિશ્ચિતતા જોવા મળે છે. એકનાથ શીંદે જેવા નેતાઓ મરાઠા સમાજમાં પોતાનો આધાર મજબૂત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. આરક્ષણ, કૃષિ સંકટ અને રોજગાર જેવા મુદ્દાઓ આ સમુદાયના રાજકીય નિર્ણયોને અસર કરે છે. કોંગ્રેસ માટે આ પરિસ્થિતિ પડકાર અને તક-બન્ને છે. જો તે મજબૂત પ્રાદેશિક નેતૃત્વ ઊભું કરે અને ગ્રામ્ય વિસ્તારોમાં વિશ્વાસ પુનઃસ્થાપિત કરે, તો તે ફરીથી પ્રભાવ સ્થાપિત કરી શકે છે. જોકે હાલ ભાજપ સંગઠનાત્મક રીતે વધુ સશક્ત અને સક્રિય દેખાય છે. સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીઓમાં પ્રદર્શન આવનારા સત્તાસમીકરણ માટે સંકેતરૂપ સાબિત થઈ શકે છે. પવાર યુગનું મૂલ્યાંકન કરવું પણ એટલું જ જરૂરી છે. શરદ પવારને આજે પણ અનુભવી અને વ્યૂહાત્મક રાજકારણી તરીકે માનવામાં આવે છે. રાજ્યની વહીવટી રચના, સહકારી ક્ષેત્ર અને સામાજિક સંતુલન અંગે તેમની સમજ ઊંડી છે. છતાં વય અને બદલાતી રાજકીય પરિસ્થિતિને કારણે તેમની સીધી અસર અગાઉની તુલનામાં ઓછી જણાય છે. પ્રશ્ન એ છે કે શું આ પવાર યુગનો અંત છે કે પરિવર્તનનો એક તબક્કો? રાજકારણમાં ખાલી જગ્યા લાંબા સમય સુધી રહેતી નથી. નવી પેઢીનું નેતૃત્વ અને નવી રાજકીય ભાષા રાજ્યની દિશા નક્કી કરશે. ભવિષ્યની સંભાવનાઓ પર વિચારવું જરૂરી છે. બેરોજગારી, કૃષિ સંકટ, શહેરીકરણ, ઔદ્યોગિક રોકાણ અને આરક્ષણ જેવા મુદ્દાઓ આગામી ચૂંટણીમાં કેન્દ્રસ્થાન પર રહેશે. યુવા મતદારોની અપેક્ષાઓ, ડિજિટલ માધ્યમોનો પ્રભાવ અને પારદર્શક શાસનની માંગ હવે વધુ મહત્વ ધરાવે છે. જે પક્ષ સ્પષ્ટ દિશા, વિશ્વસનીય નેતૃત્વ અને સુદ્રઢ વિકાસ એજન્ડા રજૂ કરશે, તે આગળ વધી શકે છે. અંતમાં કહી શકાય કે મહારાષ્ટ્રનું રાજકારણ હાલમાં પરિવર્તનશીલ ચરણમાંથી પસાર થઈ રહ્યું છે. એનસીપીના સંભવિત વિલીનીકરણની અટકેલી પ્રક્રિયા, આંતરિક મતભેદો, શરદ પવારની બદલાતી ભૂમિકા અને ભાજપની મજબૂત વ્યૂહરચના-આ બધા પરિબળો મળીને રાજ્યમાં નવી રાજકીય રચના ઘડી રહ્યા છે. પવાર યુગ પૂર્ણ થયો છે એવું કહેવું વહેલું રહેશે, પરંતુ તેની અસરનો સ્વરૂપ બદલાઈ રહ્યો છે. આવનારા સમયમાં ચૂંટણી પરિણામો અને સામાજિક સમીકરણો સ્પષ્ટ કરશે કે મહારાષ્ટ્રના રાજકારણમાં આગામી અધ્યાય કઈ દિશામાં આગળ વધશે. વિદ્યાર્થીઓ અને વિશ્લેષકો માટે આ સમગ્ર ઘટનાક્રમ લોકશાહી વ્યવસ્થામાં સત્તા, નેતૃત્વ અને સમાજ વચ્ચેના સંબંધોને સમજવાનો મહત્વપૂર્ણ અભ્યાસ છે.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૬૫ | ૧૫૯૨ |
| ઘઉં લોકવન | ૪૬૫ | ૫૩૫ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૭૦ |
| જુવાર સફેદ | ૯૫૦ | ૧૧૭૦ |
| મકાઇ | ૨૭૦ | ૩૬૦ |
| તુવેર | ૧૨૫૦ | ૧૬૧૪ |
| ચણા પીળા | ૯૫૦ | ૧૦૭૦ |
| ચણા સફેદ | ૧૦૮૦ | ૧૭૪૦ |
| અડદ | ૯૭૫ | ૧૫૯૫ |
| મગ | ૮૮૫ | ૧૯૧૦ |
| વાલ દેશી | ૧૦૦૦ | ૧૨૧૮ |
| મઠ | ૮૧૦ | ૧૧૦૦ |
| વટાણા | ૧૨૧૧ | ૧૭૪૦ |
| રાજમા | ૧૧૮૦ | ૧૭૫૦ |
| સીંગદાણા | ૧૪૫૦ | ૧૬૪૦ |
| મગફળી જાડી | ૧૨૫૦ | ૧૫૨૫ |
| મગફળી જીણી | ૧૨૮૦ | ૧૪૪૦ |
| તલી | ૧૪૫૦ | ૨૦૦૦ |
| એરંડા | ૧૧૫૦ | ૧૨૬૧ |
| અજમો | ૧૩૯૦ | ૨૦૦૦ |
| સોયાબીન | ૯૬૮ | ૧૦૯૫ |
| સીંગફાડા | ૧૧૮૦ | ૧૫૫૦ |
| કાળા તલ | ૨૬૪૪ | ૪૫૭૫ |
| લસણ | ૯૮૦ | ૧૪૫૦ |
| ધાણા | ૧૪૦૦ | ૨૦૧૦ |
| મરચા સુકા | ૨૭૦૦ | ૪૪૬૦ |
| ધાણી | ૧૫૩૦ | ૨૩૨૦ |
| જીરૂ | ૩૫૧૧ | ૪૫૨૧ |
| રાય | ૧૦૮૦ | ૧૩૫૦ |
| મેથી | ૯૦૦ | ૧૪૪૦ |
| ઇસબગુલ | ૧૫૦૦ | ૨૨૯૦ |
| રાયડો | ૯૮૦ | ૧૨૧૨ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૭૩૭ | ૧૪૧૨ |
| પપૈયા | ૮૨ | ૧૪૪ |
| બટેટા | ૧૦૩ | ૨૦૮ |
| ડુંગળી સુકી | ૫૫ | ૨૭૭ |
| ટમેટા | ૧૧૬ | ૨૧૮ |
| સુરણ | ૮૦૮ | ૧૦૧૭ |
| કોથમરી | ૧૦૯ | ૧૬૨ |
| સકરીયા | ૪૩૧ | ૬૪૭ |
| મુળા | ૪૧૨ | ૬૧૭ |
| રીંગણા | ૩૭૭ | ૭૧૬ |
| કોબીજ | ૯૧ | ૧૨૩ |
| ફ્લાવર | ૧૮૨ | ૩૪૧ |
| ભીંડો | ૯૮૮ | ૧૧૭૯ |
| ગુવાર | ૧૨૪૩ | ૧૯૮૭ |
| ચોળાસીંગ | ૮૪૭ | ૧૦૩૬ |
| વાલોળ | ૧૮૮ | ૪૮૧ |
| ટીંડોળા | ૫૪૨ | ૧૧૯૭ |
| દુધી | ૧૪૯ | ૨૬૨ |
| કારેલા | ૭૬૪ | ૧૧૮૯ |
| સરગવો | ૬૨૪ | ૧૨૨૮ |
| તુરીયા | ૭૧૧ | ૧૨૨૬ |
| પરવર | ૧૬૩૪ | ૨૦૧૨ |
| કાકડી | ૨૩૯ | ૫૫૬ |
| ગાજર | ૨૧૮ | ૩૨૧ |
| વટાણા | ૩૪૮ | ૬૩૯ |
| તુવેરસીંગ | ૪૨૬ | ૬૫૮ |
| ગલકા | ૩૬૨ | ૬૨૮ |
| બીટ | ૮૭ | ૨૦૭ |
| મેથી | ૧૫૬ | ૨૦૮ |
| વાલ | ૬૬૩ | ૯૮૪ |
| ડુંગળી લીલી | ૨૨૭ | ૩૪૨ |
| આદુ | ૧૦૨૭ | ૧૨૨૨ |
| ચણા લીલા | ૧૨૬ | ૨૬૮ |
| મરચા લીલા | ૫૧૮ | ૭૬૬ |
| હળદર લીલી | ૩૨૮ | ૫૩૯ |
| લસણ લીલું | ૪૪૯ | ૮૩૧ |
| મકાઇ લીલી | ૧૬૪ | ૨૯૫ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૯૦૧ | ૧૫૫૬ |
| મગફળી જીણી | ૧૧૦૬ | ૧૫૬૬ |
| સિંગદાણા જાડા | ૧૫૮૧ | ૧૬૬૧ |
| સિંગ ફાડીયા | ૯૦૧ | ૧૫૬૧ |
| એરંડા / એરંડી | ૧૦૩૬ | ૧૨૮૬ |
| જીરૂ | ૨૭૫૧ | ૪૭૭૧ |
| લસણ સુકું | ૭૦૧ | ૧૫૩૧ |
| ડુંગળી લાલ | ૬૧ | ૨૭૧ |
| અડદ | ૯૫૧ | ૧૪૫૧ |
| તુવેર | ૧૦૦૧ | ૧૬૨૧ |
| રાયડો | ૧૧૪૦ | ૧૨૦૧ |
| મેથી | ૬૭૩ | ૬૭૩ |
| કાંગ | ૫૦૦ | ૫૮૧ |
| સુરજમુખી | ૮૩૧ | ૮૩૧ |
| ગુવાર બી | ૩૦૦ | ૩૦૦ |
| મગફળી જાડી | ૧૦૬૧ | ૧૫૪૧ |
| નવું લસણ | ૫૪૧ | ૧૩૫૧ |
| સફેદ ચણા | ૧૦૩૬ | ૧૮૭૧ |
| મગફળી ૬૬ | ૧૩૦૦ | ૧૬૩૧ |
| તલ - તલી | ૧૦૨૬ | ૨૦૫૧ |
| ડુંગળી સફેદ | ૧૮૬ | ૨૭૧ |
| બાજરો | ૩૧૧ | ૩૧૧ |
| જુવાર | ૮૦૦ | ૮૦૦ |
| મગ | ૧૬૫૧ | ૧૮૯૧ |
| ચણા | ૯૦૦ | ૧૦૬૧ |
| વાલ | ૮૯૧ | ૯૦૧ |
| ચોળા / ચોળી | ૪૦૦ | ૪૦૦ |
| સોયાબીન | ૮૫૧ | ૧૦૨૬ |
| કળથી | ૨૭૬ | ૨૭૬ |
| ગોગળી | ૯૦૦ | ૧૧૭૧ |
| વટાણા | ૮૦૦ | ૧૧૧૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૪૦ | ૩૦૦ |
| મરચા | ૧૮૦ | ૨૦૦૦ |
| ગુવાર | ૪૦૦ | ૨૩૦૦ |
| કોબી | ૪૦ | ૧૬૦ |
| દુધી | ૪૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૩૦ | ૩૦૦ |
| કાકડી | ૧૪૦ | ૬૦૦ |
| રીંગણા | ૨૦૦ | ૧૦૦૦ |
| ભીંડો | ૩૦૦ | ૯૦૦ |
| ગલકા | ૧૮૦ | ૫૦૦ |
| ગાજર | ૧૦૦ | ૪૦૦ |
| ટિંડોરા | ૩૦૦ | ૧૧૦૦ |
| તુવેર | ૩૦૦ | ૮૦૦ |
| વાલ | ૨૮૦ | ૧૦૦૦ |
| વટાણા | ૩૮૦ | ૭૦૦ |
| કેરી કાચી | ૧૦૦૦ | ૩૬૦૦ |
| બટેટા | ૧૪૦ | ૨૫૦ |
| લીલી હળદર | ૬૦૦ | ૭૦૦ |
| ડુંગળી પુરા | ૪ | ૬ |
| તાંજરીયા પુરા | ૧ | ૫ |
| કોથમીર પુરા | ૫ | ૮ |
| મૂળા પુરા | ૩ | ૮ |
| ફોદીનો પુરા | ૧ | ૩ |
| કાચા કેળા | ૧૦૦ | ૨૦૦ |
| ચૂણ | ૭૮૦ | ૧૦૦૦ |
| ઘીસોડા | ૩૦૦ | ૮૦૦ |
| લીંબુ | ૬૦૦ | ૨૦૦૦ |
| મેથી પુરા | ૧ | ૬ |
| બીટ પુરા | ૪ | ૧૦ |
| સરગવો પુરા | ૧૫ | ૩૦ |
| ચોરા | ૩૦૦ | ૧૦૦૦ |
| કારેલા | ૬૦૦ | ૧૪૦૦ |
| વાલોર | ૧૬૦ | ૬૦૦ |
| કાચા પોપૈયા | ૬૦ | ૨૦૦ |
| આદુ | ૮૦૦ | ૧૩૦૦ |
| ફણશી | ૮૦૦ | ૯૦૦ |
| મકાઈ ડોડા | ૧૮૦ | ૩૦૦ |
| લસણ પુરા | ૩ | ૫ |
| પાલક પુરા | ૨ | ૪ |
| **અમરેલી** | | |
| શીંગ ગીરનાર | ૧૩૮૫ | ૧૪૭૦ |
| શિંગ મોટી | ૯૦૦ | ૧૪૬૫ |
| શિંગદાણા | ૧૨૦૦ | ૧૮૫૦ |
| શિંગદાણા ફાડા | ૧૧૦૦ | ૧૭૮૫ |
| તલ સફેદ | ૧૪૩૫ | ૨૦૪૫ |
| તલ કાળા | ૧૩૦૦ | ૪૩૭૫ |
| ઘઉં ટુકડા | ૩૯૦ | ૬૦૫ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૫૩૦ |
| અડદ | ૧૧૦૦ | ૧૪૦૦ |
| ચણા | ૮૬૦ | ૧૦૫૫ |
| તુવેર | ૭૮૦ | ૧૫૬૦ |
| કપાસ | ૯૫૫ | ૧૬૨૦ |
| એરંડા | ૧૧૭૦ | ૧૨૬૫ |
| જીરૂ | ૩૦૦૦ | ૪૩૨૫ |
| રાયડો | ૧૦૧૦ | ૧૦૧૦ |
| ધાણા | ૧૪૫૫ | ૨૧૦૦ |
| ધાણી | ૧૪૪૫ | ૨૯૦૦ |
| અજમા | ૨૦૧૫ | ૨૦૧૫ |
| સોયાબીન | ૯૫૦ | ૧૦૦૦ |
| મરચા લાંબા | ૧૨૫૦ | ૫૬૯૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૬૦ | ૨૨૦ |
| રીંગણા | ૬૦૦ | ૧૦૦૦ |
| ફ્લાવર | ૨૭૦ | ૪૦૦ |
| કોબીજ | ૧૩૦ | ૨૧૦ |
| શકકરીયા | ૪૦૦ | ૫૦૦ |
| ટમેટાં | ૨૦૦ | ૩૧૦ |
| સુરણ | ૮૫૦ | ૯૨૦ |
| ગાજર | ૨૦૦ | ૩૫૦ |
| દુધી | ૨૨૦ | ૨૮૦ |
| કારેલા | ૭૩૦ | ૮૫૦ |
| ગલકા | ૪૦૦ | ૫૫૦ |
| મૂળા | ૨૦૦ | ૩૦૦ |
| કાકડી | ૩૨૦ | ૪૦૦ |
| ગુવાર | ૧૬૦૦ | ૨૨૦૦ |
| વાલોળ | ૩૦૦ | ૫૦૦ |
| વટાણા | ૫૨૦ | ૫૭૦ |
| ચોળા લીલા | ૮૫૦ | ૯૫૦ |
| તુરીયા | ૫૫૦ | ૭૦૦ |
| આમળા | ૯૫૦ | ૧૦૨૦ |
| ચણા લીલાં | ૮૦૦ | ૯૦૦ |
| ભીંડો | ૭૫૦ | ૯૦૦ |
| વાલ | ૬૦૦ | ૭૦૦ |
| આદુ | ૧૨૨૦ | ૧૩૩૦ |
| કોથમીર | ૧૦૦ | ૨૨૦ |
| મેથીભાજી | ૨૫૦ | ૩૦૦ |
| ફોદીનો | ૮૦૦ | ૯૦૦ |
| ટીંડોરા | ૭૫૦ | ૮૨૦ |
| બીટ | ૨૧૦ | ૩૨૦ |
| તુવેર | ૫૨૦ | ૬૫૦ |
| સરગવો | ૬૦૦ | ૮૦૦ |
| લીમડો મીઠો | ૧૮૦ | ૨૦૦ |
| મરચાં લીલાં | ૫૦૦ | ૧૦૦૦ |
| મરચાં લાલ | ૧૨૨૦ | ૧૩૦૦ |
| ડુંગળી લીલી | ૩૫૦ | ૪૨૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૩૧૦ |
| લસણ લીલું | ૮૦૦ | ૯૦૦ |
| લસણ સુકું | ૮૦૦ | ૧૮૦૦ |
| પાલક | ૩૫૦ | ૪૧૦ |
| લીબુ | ૧૦૦૦ | ૧૫૦૦ |
| મકાઈ | ૨૬૦ | ૩૨૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૨૨૫ | ૧૪૦૦ |
| શીંગ મોટી | ૧૩૦૦ | ૧૪૫૩ |
| તલ સફેદ | ૧૯૦૦ | ૨૫૫૦ |
| તલ કાળા | ૩૬૦૦ | --- |
| જીરૂ | ૩૫૦૦ | ૪૩૫૧ |
| કપાસ | ૧૪૫૦ | ૧૬૦૦ |
| ઘઉં લોકવન | ૪૪૦ | ૫૩૦ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૬૫ |
| બાજરો | ૩૦૦ | ૫૪૦ |
| જુવાર | ૭૦૦ | ૧૦૭૦ |
| મગ | ૧૨૦૦ | ૧૫૫૦ |
| ચણા | ૧૦૦૫ | ૧૦૯૧ |
| તુવેર | ૧૩૨૫ | ૧૫૮૧ |
| એરડી | ૧૧૫૦ | ૧૨૬૦ |
| ધાણા | ૧૫૦૦ | ૨૩૪૫ |
| સોયાબીન | ૯૫૦ | ૧૦૧૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૧૦૦ | ૧૩૦૦ |
| મગફળી | ૧૧૦૦ | ૧૩૧૧ |
| ઘઉં | ૪૦૦ | ૪૬૪ |
| ચણા | ૯૭૫ | ૧૦૩૬ |
| તુવેર | ૧૨૯૯ | ૧૫૧૨ |
| ચણા સફેદ | ૧૦૬૦ | ૧૦૬૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૮૯ |
| ઘઉં લોકવન | ૫૪૪ | ૫૪૪ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૦૦ |
| ચણા | ૮૦૦ | ૧૦૩૩ |
| ધાણા | ૧૪૦૦ | ૧૯૫૦ |
| ચણા સફેદ | ૧૧૨૧ | ૧૧૨૧ |
| સોયાબીન | ૯૫૧ | ૯૯૦ |
| મગફળી | ૧૦૧૦ | ૧૨૩૦ |
| તુવેર | ૯૦૦ | ૧૩૮૦ |
| શીંગ દાણા | ૧૦૦૦ | ૧૪૦૦ |
| લસણ | ૬૦૦ | ૬૦૦ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૩૦ | ૧૬૪૦ |
| કપાસ મીડીયમ | ૧૨૧૦ | ૧૩૩૦ |
| મગફળી જી ૨૦ | ૧૧૫૫ | ૧૪૭૫ |
| ચણા | ૯૭૯ | ૧૦૬૧ |
| જીરૂ | ૩૦૫૯ | ૪૪૫૧ |
| ઘઉં | ૪૭૨ | ૫૩૮ |
| તુવેર | ૧૨૧૫ | ૧૪૨૫ |
| ધાણા | ૧૨૩૦ | ૧૯૮૦ |
| **મોટા લીલીયા** | | |
| કપાસ | ૧૧૬૮ | ૧૩૬૪ |
| કપાસ સી ગ્રેડ | ૭૮૫ | ૭૮૫ |
| તુવેર | ૧૪૬૦ | ૧૪૬૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૮૧ |
| ઘઉં | ૪૦૦ | ૪૭૨ |
| ચણા | ૯૫૧ | ૧૦૫૧ |
| તુવેર | ૧૨૦૧ | ૧૫૩૬ |
| મગફળી | ૧૦૦૧ | ૧૪૩૧ |
| શીંગ ફાડા | ૧૩૦૧ | ૧૪૫૬ |
| જીરૂ | ૩૭૩૧ | ૪૦૭૧ |
| ધાણા | ૧૩૦૧ | ૧૮૮૧ |
| સોયાબીન | ૮૦૧ | ૯૫૧ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૧૫૦ | ૧૪૩૮ |
| બાજરી હાઈબ્રીડ | ૩૫૦ | ૫૮૮ |
| ઘઉં | ૪૦૦ | ૪૭૫ |
| રાઈ | ૧૦૦૦ | ૧૧૬૦ |
| રાયડો | ૯૦૦ | ૧૦૮૮ |
| તુવેર | ૧૦૦૦ | ૧૫૫૪ |
| જુવાર | ૬૮૦ | ૧૧૫૨ |
| ચણા | ૯૦૦ | ૧૦૮૮ |
| સોયાબીન | ૯૮૦ | ૧૦૩૫ |
| ધાણા | ૧૦૦૦ | ૧૭૫૫ |
| કાંગ | ૪૫૦ | ૫૬૬ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૨૮૫ | ૧૪૭૫ |
| ચણા | ૧૦૪૧ | ૧૦૪૩ |
| સોયાબીન | ૯૮૦ | ૯૮૫ |
| તુવેર | ૧૩૦૦ | ૧૩૭૫ |
| **જામનગર** | | |
| બાજરો | ૨૦૦ | ૪૦૦ |
| ઘઉં | ૪૦૦ | ૪૯૧ |
| મગ | ૭૦૦ | ૮૩૫ |
| અડદ | ૧૨૦૫ | ૧૪૨૦ |
| તુવેર | ૧૨૦૦ | ૧૪૪૦ |
| મઠ | ૪૦૦ | ૬૦૦ |
| વાલ | ૮૧૫ | ૧૧૮૦ |
| ચણા | ૯૦૦ | ૧૦૮૦ |
| ચણા સફેદ | ૧૦૦૦ | ૧૫૪૦ |
| મગફળી જીણી | ૧૨૦૦ | ૧૬૦૫ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૩૦૦ |
| એરંડા | ૧૦૯૦ | ૧૩૫૨ |
| રાયડો | ૧૦૦૦ | ૧૧૬૦ |
| રાય | ૧૦૫૦ | ૧૩૦૫ |
| લસણ | ૧૦૦૦ | ૧૩૨૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૫૦ |
| જીરૂ | ૩૧૦૦ | ૪૨૬૫ |
| અજમો | ૧૬૫૦ | ૫૬૦૦ |
| અમજમાની ભૂસી ૨૦ | | ૨૧૦૫ |
| ધાણા | ૧૦૦૦ | ૨૦૦ |
| ધાણી | ૧૯૦૦ | ૨૫૦૫ |
| મરચા | ૧૫૦૦ | ૫૭૨૦ |
| ડુંગળી | ૫૦ | ૨૮૦ |
| સોયાબીન | ૯૦૦ | ૧૦૪૦ |
| વટાણા | ૭૦૦ | ૧૦૮૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૧૨૦૦ | ૧૪૧૭ |
| તલ કાળા | ૨૪૦૦ | ૩૯૫૦ |
| તલ પીળા | ૧૯૭૧ | ૧૯૮૦ |
| કપાસ | ૮૦૦ | ૧૬૦૫ |
| બાજરો | ૪૫૦ | ૫૨૫ |
| ઘઉં ટુકડા | ૪૨૧ | ૫૮૫ |
| જુવાર | ૧૦૦૦ | ૧૧૬૦ |
| મગ | ૮૦૦ | ૮૦૦ |
| તુવેર | ૧૪૦૦ | ૧૫૦૫ |
| ચણા | ૯૦૧ | ૧૦૩૮ |
| એરંડી | ૧૦૦૧ | ૧૦૦૧ |
| ચોળી | ૮૨૧ | ૮૨૧ |

## શબ્દ સંજોગ-૨૧૫૧



**આડી ચાવી :**
(૧) એક કહેવત (૭)
(૭) અવાજ,નાદ (૨)
(૮) ઘડો,કુંભ (૨)
(૯) જ્યાં હાથનો પંજો જોડાયેલો છે તે ભાગ (૨)
(૧૦) મુસાલમાનોમાં પવિત્ર ગણાતો પુરૂષ (૨)
(૧૧) ભોજન (૨)
(૧૨) માતાના પતિ (૨)
(૧૩) બાળવાનું લાકડું (૨)
(૧૪) બહાનાની રકમ (૨)
(૧૫) માર્ગમાં ત્યાં થઈને (૨)
(૧૬) ઝડપ,ગતિ (૨)
(૧૮) ગરમ વસ્તુ પકડવા વપરાય (૩)
(૨૧) ધારો,કાનુન (૩)
(૨૩) એક નરક (૩)
(૨૪) ગઈકાલ પહેલાનું (૩)
(૨૬) એક તિથિ (૩)
(૨૮) બહાર જતું કે મોકલાતું (૩)

**ઉભી ચાવી :**
(૧) ઊણપ,ખોટ (૨)
(૨) ખોલી,ઓરડી (૩)
(૩) દેવતા,સુર (૨)
(૪) એક અટક (૩)
(૫) તંબૂ,પડાવ (૨)
(૬) ખોઈ બાંધવાનું ઘોડિયાનું આડું લાકડુ (૩)
(૯) સુંદર સ્ત્રી,પત્ની (૨)
(૧૦) વરકન્યાને શરીરે ચોળવાનો પીળો પદાર્થ (૨)
(૧૧) ખટાશવાળું (૨)
(૧૨) તૃષ્ણા,તરસ (૩)
(૧૩) શરીર,દેહ (૨)
(૧૪) સમુદ્ર,દરિયો (૩)
(૧૫) .... ખોરાક ન ખાવો જોઈએ. (૨)
(૧૭) ભગવાન દતાત્રેયનું વાહન (૨)
(૧૯) શાળાનો વર્ગ (આ-અ) (૩)
(૨૦) એક ગુજરાતી માસ (૪)
(૨૨) ચીભડું (૩)
(૨૪) થોડી વાર રહીને (૨)
(૨૫) આનંદ,લહેર (૨)
(૨૬) હોદો,પગ (૨)
(૨૭) શું અંગ્રેજીમાં (૨)

## શબ્દ સંજોગ-૨૧૫૦ જવાબ

**આડી ચાવી:** (૧) મોઘલ (૪) અમદાવાદ (૯) હિરવણી (૧૧) મસવાડો (૧૨) ચીકટ (૧૪) જાક (૧૫) મલમ (૧૮) ખામી (૧૯) ફાટ (૨૦) નીપજ (૨૨) નન (૨૩) વમન (૨૫) ૨૫ (૫૨) (૨૬) કટ (૨૭)વનસ્પતિ (૨૯)નવાણ (૩૧)સરોવર (૩૨)લકી (૩૩)ફાજલ.
**ઉભી ચાવી:** (૧) મોહિની (૨) ઘર (૩) લવચીક (૫) મમ (૬) દાસ (૭) વાવાશ (૮) દડો (૧૦) ણીક (કણી) (૧૩) ટમટમ (૧૪) જામીન (૧૬) મની (૧૭) ગજપતિ (૧૮) ખાનદાન (૧૯) ફાવટ (૨૧) પરસ્પર (૨૪) નવરોજ (૨૬) કણકી (૨૮) નવલ (૩૦) વાલ (૩૧) સફા (૩૪) મે.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# રાજકોટ-વેરાવળ ટ્રેનમાં મુસાફરોની ભારે હાલાકી: ગોંડલ પેસેન્જર યુનિયન દ્વારા સ્ટેશન માસ્તરને આવેદનપત્ર

રાજકોટ,તા.૨૦



રાજકોટ અને વેરાવળ વચ્ચે મુસાફરી કરતા હજારો દૈનિક મુસાફરો અને અપ-ડાઉન કરતા કર્મચારીઓને પડતી હાલાકી મામલે ગોંડલ રાજકોટ ડેઈલી પેસેન્જર યુનિયન મેદાનમાં આવ્યું છે. ટ્રેનોમાં સતત વધી રહેલી ભીડ અને સાંજના સમયે ટ્રેનોના અભાવને કારણે મુસાફરોમાં વ્યાપેલા રોષને પગલે યુનિયનના પ્રમુખ પ્રતિપાલસિંહ ઝાલા દ્વારા ગોંડલના સ્ટેશન માસ્તરને રૂબરૂ મળીને લેખિતમાં આવેદનપત્ર સોંપવામાં આવ્યું છે.

આ રજૂઆતમાં મુસાફરોની વેદનાને વાચા આપતા જણાવાયું છે કે, રાજકોટ-વેરાવળ સેક્શન પર દોડતી ગાડી સંખ્યા ૫૯૪૨૧ અને ૫૯૪૨૨ માં મુસાફરોની સંખ્યા એટલી હદે વધી ગઈ છે કે તેમાં મુસાફરી કરવી હવે જોખમી બની ગઈ છે. ભીડના કારણે વૃદ્ધો અને મહિલાઓને ટ્રેનમાં ચડવું પણ મુશ્કેલ બન્યું છે. ખાસ કરીને કેશોદ, જૂનાગઢ, જેતલસર અને ગોંડલથી અપ-ડાઉન કરતા હજારો લોકો આ સમસ્યાથી ત્રસ્ત છે.

રજૂઆતમાં ખાસ ઉલ્લેખ કરાયો છે કે સાંજે ૬:૩૦ વાગ્યા પછી રાજકોટથી વેરાવળ તરફ જવા માટે કોઈ ટ્રેન ઉપલબ્ધ નથી. જેના કારણે વિદ્યાર્થીઓ અને નોકરિયાતોને કલાકો સુધી રાહ જોવી પડે છે અથવા ખાનગી વાહનોમાં મોંઘા ભાડા ખર્ચીને મુસાફરી કરવી પડે છે.

**તાત્કાલિક વધારાના કોચ જોડવા અને નવી ટ્રેન દોડાવવા પ્રમુખ પ્રતિપાલસિંહ ઝાલાની માંગ**

પેસેન્જર યુનિયન દ્વારા માંગ કરવામાં આવી છે કે રાજકોટ-વેરાવળ પેસેન્જર ટ્રેનોમાં તાત્કાલિક અસરથી વધારાના કોચ જોડવામાં આવે અને મુસાફરોની સગવડતા માટે સાંજના ૬:૩૦ પછી એક વધારાની ટ્રેન દોડાવવામાં આવે. પ્રમુખ પ્રતિપાલસિંહ ઝાલાએ રેલવે તંત્ર અને સાંસદ પાસે આ ગંભીર સમસ્યાનો જલદી ઉકેલ લાવવા માંગ કરી છે. જો આગામી દિવસોમાં આ માંગણીઓ સંતોષવામાં નહીં આવે, તો મુસાફરોમાં આક્રોશ વધુ વધવાની શક્યતા દર્શાવવામાં આવી છે.

# પાકિસ્તાનની જેલમાં ગુજરાતના ૧૨૮ માછીમારો બંધ, બે વર્ષમાં ૩નાં મોત

ગુજરાત,તા.૨૦




પાકિસ્તાનની જેલમાં ૨૦ જાન્યુઆરી ૨૦૨૬ સુધી ગુજરાતના કુલ ૧૨૮ માછીમારો કેદ હોવાની માહિતી મળી છે. ગોપાલ ઈટાલિયાએ પાકિસ્તાન જેલમાં કેદ ભારતીય, ખાસ કરીને ગુજરાતના માછીમારોની હાલત અંગે પ્રશ્ન કર્યો હતો, જેના જવાબમાં રાજ્યના મત્સ્ય ઉદ્યોગ મંત્રીએ આંકડા રજૂ કર્યા છે.

સૂચના મુજબ, ૨૧ જાન્યુઆરી ૨૦૨૪ થી જાન્યુઆરી ૨૦૨૫ દરમિયાન, પાકિસ્તાન જેલમાં બે ગુજરાતી માછીમારોના મોત થયા. ત્યારબાદ, ૨૧ જાન્યુઆરી ૨૦૨૫થી ૨૦ જાન્યુઆરી ૨૦૨૬ વચ્ચે, ત્રણ માછીમારોના મોત થયા. આ સતત મોતના બનાવો અને કેદી માછીમારોની હાલત પર રાજ્યમાં ચિંતાનો વિષય બની છે.

# ઉનાના તડ આરોગ્ય કેન્દ્રમાં સ્ટાફની ગેરહાજરીથી ૧૩ ગામના દર્દીઓ પરેશાન

ઉના,તા.૨૦



ઉના તાલુકાના તડ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં સ્ટાફની અનિયમિતતા સામે આવતા સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આજે સવારે ગ્રામ પંચાયતના સરપંચ ટપુભાઈ પરમારે કેન્દ્રની ઓચિંતી મુલાકાત લેતા કોઈ પણ જવાબદાર તબીબ કે સ્ટાફ હાજર ન હોવાનું જણાયું હતું. સરપંચે આ ગેરહાજરીનો વીડિયો બનાવી ઉચ્ચ અધિકારીઓને રજૂઆત કરતા સમગ્ર આરોગ્ય વિભાગમાં ખળભળાટ મચી ગયો છે. ૧૩ ગામોના લોકો જે કેન્દ્ર પર નિર્ભર છે, ત્યાં બપોરના સમયે પણ કામગીરી બંધ રહેતી હોવાની ફરિયાદો ઉઠી છે.

આ મામલે મેડિકલ ઓફિસરે સ્ટાફની બેદરકારીનો સ્વીકાર કરતા જણાવ્યું હતું કે, ગેરહાજર રહેલા કર્મચારીઓને કારણદર્શક નોટિસ ફટકારવામાં આવી છે. તેમણે ચીમકી ઉચ્ચારી છે કે જો ભવિષ્યમાં સ્ટાફ સમયસર હાજર નહીં રહે અને દર્દીઓને હાલાકી પડશે, તો કડક શિક્ષાત્મક પગલાં લેવામાં આવશે.

# ઉનાના ખાપટમાં મફત પ્લોટ ફાળવણીનો વિવાદ વકર્યો, સ્મશાનની જગ્યાએ પ્લોટ અપાતા ઉગ્ર રોષ

ઉના,તા.૨૦

ઉના તાલુકાના ખાપટ ગામમાં મફત પ્લોટની ફાળવણીના મુદ્દે વહીવટી તંત્ર અને ગ્રામજનો સામસામે આવી ગયા છે. ગત ૧૪ ફેબ્રુઆરીએ ૧૯૫ પ્લોટની સનદ અપાયા બાદ વિવાદ વકર્યો છે. અનુસૂચિત સમાજનો આક્ષેપ છે કે, તેમને રહેવા લાયક જમીનને બદલે સ્મશાન અને પાણીના વહેણ વાળી અયોગ્ય જગ્યા પધરાવી દેવામાં આવી છે. આ અન્યાય સામે આજે ૧૦૦ થી વધુ મહિલા-પુરુષોએ પ્રાંત કચેરી ખાતે પ્રતીક ઉપવાસ શરૂ કર્યા છે.




ઘટનાસ્થળે તપાસ દરમિયાન સ્મશાનની જમીન પર જેસીબી ફેરવતા માનવ હાડકાના અવશેષો મળી આવતા ગ્રામજનોમાં રોષની લાગણી ફેલાઈ છે. પ્રાંત અધિકારીએ સ્થળ મુલાકાત લીધી હોવા છતાં આંદોલનકારીઓએ પોતાની માંગ ન સંતોષાય ત્યાં સુધી છાવણી છોડવાનો ઈનકાર કર્યો છે. તંગ બનેલી પરિસ્થિતિને જોતા પ્રાંત કચેરી પર ચુસ્ત પોલીસ કાફલો તૈનાત કરવામાં આવ્યો છે. ગ્રામજનોએ ચીમકી ઉચ્ચારી છે કે જો વહેલી તકે પ્લોટ રદ કરી નવી જગ્યાએ ફાળવણી નહીં થાય, તો આગામી સમયમાં 'રસ્તા રોકો' આંદોલન કરવામાં આવશે.

# જાફરાબાદના ચિત્રાસર ગામે કુવામાં ખાબકેલા દીપડાના બચ્ચાનું સફળ રેસ્ક્યુ

જાફરાબાદ, તા.૨૦

અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકામાં વન્ય પ્રાણીઓ રહેણાંક વિસ્તારમાં આવી ચડવાની ઘટનાઓ અવારનવાર બનતી હોય છે. તાજેતરમાં જાફરાબાદ તાલુકાના ચિત્રાસર ગામે એક દીપડાનું બચ્ચું કુવામાં ખાબક્યું હોવાની ઘટના સામે આવી છે. ચિત્રાસર ગામમાં આવેલી જીલુભાઇ રામભાઈ ડોડીયાની વાડીમાં આ અકસ્માત સર્જાયો હતો. દીપડાનું બચ્ચું શિકારની શોધમાં અથવા અંધારામાં ભૂલું પડીને વાડીના ખુલ્લા કુવામાં પડી ગયું હતું. વાડી માલિક જીલુભાઇને આ બાબતની જાણ થતા જ તેમણે માનવતા દાખવી તુરંત વન વિભાગને આ અંગે માહિતગાર કર્યા હતા. ઘટનાની જાણ થતા જ ટીંબી રાઉન્ડના રોહિસા બીટની વન વિભાગની ટીમ સાધન-સામગ્રી સાથે તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી. વન કર્મીઓએ ભારે જહેમત બાદ કુવામાંથી દીપડાના બચ્ચાને સહી-સલામત



રીતે બહાર કાઢ્યું હતું. રેસ્ક્યુ કરાયેલા બચ્ચાને પ્રાથમિક તપાસ બાદ વધુ સારવાર અને નિરીક્ષણ માટે બાબરકોટ એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડવામાં આવ્યું છે.

# કોડીનારમાં શિવસેના દ્વારા છત્રપતિ શિવાજી મહારાજની જન્મ જયંતીની ભવ્ય ઉજવણી

કોડીનાર,તા.૨૦

હિન્દવી સ્વરાજ્યના સ્થાપક છત્રપતિ શિવાજી મહારાજની ૩૯૬મી જન્મ જયંતી નિમિત્તે કોડીનાર શિવસેના દ્વારા ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ગીર સોમનાથ જિલ્લા પ્રમુખ રાજુભાઈ બાંભણિયાની આગેવાનીમાં શિવાજી મહારાજની પ્રતિમાને ફૂલહાર કરી ભાવવંદના કરવામાં આવી હતી. આ પ્રસંગે 'જય ભવાની, જય શિવાજી'ના નારા સાથે વાતાવરણ દેશભક્તિમય બન્યું હતું. કાર્યક્રમમાં નાગજીભાઈ



તસવીર : ધર્મેશ પાઠક

ભાલીયા, રમેશભાઈ પરમાર અને ગોપાલભાઈ કામળીયા સહિતના અગ્રણીઓ તથા મોટી સંખ્યામાં શિવસૈનિકોએ શૌર્ય અને રાષ્ટ્રભક્તિના પ્રતીક સમાન મહારાજને યાદ કર્યા હતા.

# ઊના તાલુકાના કાણકબરડા ગામે પાણી પુરવઠાના કૂવા પરથી મોટર સર્વિસની ચોરી

ઉના,તા.૨૦

ઊનાના કાણકબરડા ગામે ઉમેજ રોડ પર આવેલો પાણી પુરવઠાના કુવા પરથી રાત્રિના સમયે અજાણ્યા ઈસમો દ્વારા ત્યાં રહેલી ઓરડીની બહારથી કુવા સુધી સર્વિસનો વચ્ચેથી ટુકડો કરીને અંદાજે ૫૦થી ૬૦ ફૂટ વાયરની ચોરી કરીને નાસી છૂટ્યા હતા. જોકે સવારે પાણી છોડવા માટે લાઈનમેન મોટર ચાલુ કરવા જતા મોટર લોડ ન લેતા તેમણે તપાસ કરતા ત્યાં સર્વિસ કાપીને ચોરી થયેલી હતી. બાદમાં તેમણે સરપંચને જાણ કરતા સરપંચ, ઉપસરપંચ અને ગ્રામજનો તાત્કાલિક ઘટના સ્થળે



તસવીર : કૈલાશ ભટ્ટ

જઈને નિરીક્ષણ કર્યું હતું. બાદમાં સરપંચ દ્વારા તાત્કાલિક ધોરણે નવી સર્વિસ મંગાવીને ગામમાં પાણી વિતરણ વ્યવસ્થા શરૂ કરવામાં આવી હતી. આ અજાણ્યા ઈસમો વિરુદ્ધ સરપંચે પોલીસમાં ફરિયાદ કરવા તજવીજ હાથ ધરી હતી.

# ગોંડલ પોલીસ એક્શન મોડમાં: આશાપુરા ચોકડીએ ડ્રોનથી સર્વેલન્સ અને શહેરના વિવિધ વિસ્તારોમાં મેગા કોમ્બિંગ

ગોંડલ,તા.૨૦



ગોંડલ શહેરમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ વધુ સુદ્રઢ બનાવવા અને ટ્રાફિકની સમસ્યા હલ કરવા માટે પોલીસ દ્વારા આજે વહેલી સવારથી જ મેગા ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. શહેરના મુખ્ય માર્ગોથી લઈને રહેણાંક વિસ્તારો સુધી પોલીસે કડક ચેકિંગ હાથ ધર્યું હતું. ગોંડલની અત્યંત વ્યસ્ત એવી આશાપુરા ચોકડી અને તેની આસપાસના વિસ્તારોમાં પોલીસ દ્વારા ડ્રોન ઉડાડવામાં આવ્યા હતા. ટ્રાફિકની સમસ્યાનું સચોટ નિરીક્ષણ કરવા અને અવરોધ ઉભા કરતા વાહનોને ટ્રેક કરવા માટે ટેકનોલોજીનો સહારો લેવાયો હતો. વાહન ચેકિંગ દરમિયાન નિયમોનું ઉલ્લંઘન કરનારા ચાલકો સામે લાલ આંખ કરવામાં આવી હતી. ખાસ કરીને વાહનોમાં લગાડેલા કાળા કાચ (Black Glass) દૂર કરાવી સ્થળ પર જ દંડની વસૂલાત કરવામાં આવી હતી. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, શહેરમાં ટ્રાફિક નિયમન જળવાઈ રહે અને અસામાજિક તત્વોમાં ફફડાટ પડે તે હેતુથી આગામી દિવસોમાં પણ આ પ્રકારની કામગીરી ચાલુ રાખવામાં આવશે.

# કોડીનાર સ્થિત અંબુજા સિમેન્ટ ફેક્ટરી દ્વારા ફેલાવાતું પ્રદૂષણ પાંચ વર્ષથી અનેક ફરિયાદો છતાં ઠેરનું ઠેર

કોડીનાર,તા.૨૦

કોડીનારના વડનગર ખાતે આવેલી અંબુજા સિમેન્ટ ફેક્ટરી (અદાણી ગ્રુપ) દ્વારા છેલ્લા ઘણા વર્ષોથી હવા, પાણી અને અવાજનું ભારે પ્રદૂષણ ફેલાવવામાં આવી રહ્યું છે. આ ગંભીર બાબતે વડનગરના ગ્રામજનો તેમજ યુવા અગ્રણી ભાવેશભાઈ સોલંકી દ્વારા છેલ્લા પાંચ વર્ષથી અનેક ફરિયાદો કરવામાં આવી હોવા છતાં પ્રદૂષણની સ્થિતિ હજુ પણ ઠેરની ઠેર જોવા મળી રહી છે. આ અંગે ભાવેશભાઈ સોલંકી દ્વારા રાજ્યના મુખ્યમંત્રી સહિતનાઓને પત્ર લખીને વિસ્તૃત ફરિયાદ કરવામાં આવી છે. પત્રમાં વધુમાં ઉલ્લેખ કરાયો છે કે, વર્ષ ૨૦૨૧-૨૦૨૨ થી ચાલી રહેલી આ લડતમાં GPCB, ખેતીવાડી વિભાગ તેમજ બાગાયત વિભાગ દ્વારા જ્યારે-જ્યારે સ્થળ તપાસ કરવામાં આવી છે, ત્યારે ફેક્ટરી દ્વારા ફેલાવવામાં આવતી ધૂળ (ડસ્ટિંગ) વાડી અને ખેતરના બાગાયતી તેમજ ખેતી પાકો પર સ્પષ્ટ જોવા મળી છે. આ અંગે GPCB ના અહેવાલોની નકલો અને ખેતીવાડી વિભાગે ૨૦૨૪ તેમજ ૨૦૨૫ માં કરેલ પંચરોજ કામની નકલો પણ ફરિયાદી પાસે ઉપલબ્ધ છે. જેમાં જે તે કમિટીએ પણ સ્વીકાર્યું છે કે ધૂળ ઉડી રહી છે અને તેનાથી પાકના ઉત્પાદન પર માઠી અસર થાય છે.


**-// મામલતદાર અને તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - ખાંભા //-**

બ.ડે. રજી.કેસ નં.૪૯/૨૫ — નં.એમએજી/વશી/૩૩૮/૨૦૨૬ તા. ૦૯/૦૨/૨૦૨૬

અરજદાર :- શ્રી મંજુલાબેન વા/ઓ ડોસલભાઈ શિયાળ, રહે.નવા માલકનેસ, તા.ખાંભા, જિ.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :-જન્મ મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી
- વ-
તલાટી કમ મંત્રી શ્રી, નવા માલકનેસ, તા.ખાંભા, જિ.અમરેલી.

**- નોટીસ -**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, **શ્રી મંજુલાબેન વા/ઓ ડોસલભાઈ શિયાળ રહે. નવા માલકનેસ તા. ખાંભા, જિ.અમરેલી વાળાએ** તેમની પુત્રી નામે વૈશાલીબેન ડોસલભાઈ શિયાળ **મરણ તા. ૦૭/૧૨/૨૦૦૬** નાં રોજ ખાંભા તાલુકાનાં નવા માલકનેસ મુકામે થયેલ હોવાની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજ કરેલ છે. તો આ કામના સામાવાળાના મરણની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં સુનવણી મુદત તા.૨૬/૦૨/૨૦૨૬ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

**સહી**
**તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ખાંભા**


# ધોરાજી સેન્ટ્રલ બેન્ક દ્વારા ગરીબ પરિવારને રૂ.૨ લાખનો અકસ્માત વીમાં કવચનો ચેક અર્પણ કરાયો

ધોરાજી,તા.૨૦



ધોરાજીના જૂનાગઢ રોડ સ્થિત સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડિયા દ્વારા સામાજિક સુરક્ષાના ભાગરૂપે પ્રશંસનીય કામગીરી કરવામાં આવી છે. બેન્કના એક ગ્રાહકનું અકસ્માતે અવસાન થતા, ભારત સરકારની 'પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના' હેઠળ તેમના પરિવારને રૂ.૨,૦૦,૦૦૦ ના વીમા કવચનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. મૃતક ગ્રાહકે માત્ર રૂ.૨૦ નું વાર્ષિક પ્રીમિયમ ભરીને આ સુરક્ષા કવચ મેળવ્યું હતું.શાખા મેનેજર પુષ્પેન્દ્ર નાગર અને તેમની ટીમે પીડિત પરિવારને વળતર અપાવવા માટે જરૂરી કાર્યવાહી પૂર્ણ કરી ચેક સુપરત કર્યો હતો. આ પ્રસંગે સહાયક મેનેજર હસ્તિન ગાંધી સહિત બેન્ક સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.


**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ ઉનાની કોર્ટમાં //-**

નં.જન્મ-મરણ કેસ-નં.૨૩/૨૦૨૬

શ્રી હંસાબેન લાખાભાઈ સોલંકી
રહે.ઉમેજ, ગામ-ઉમેજ, તાલુકો-ઉના, જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી, ડી.ઓ.કામળીયા તથા એન.બી.મેવાડા, સમીર ગેસ એજન્સી બિલ્ડીંગ, વરસિંગપુર રોડ, ઉના ............અરજદાર

**-: વિરૂધ્ધ :-**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત ઉમેજ, તા.ઉના, જિ. ગીરસોમનાથ ..........સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ઉના તાલુકાના ઉમેજ ગામના રહીશ લાખાભાઈ ભીખાભાઈ સોલંકી તથા હંસાબેન લાખાભાઈ સોલંકીના પુત્ર જીજ્ઞેશભાઈ લાખાભાઈ સોલંકીનો જન્મ તા.**08/07/1999** ના રોજ ઉના તાલુકાના ઉમેજ ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત ઉમેજ, તા. ઉના સને-**1999** ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૮/૦૨/૨૦૨૬ ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૨/૦૧/૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યા.

**સહી**
**(ડી.કે. ભીમાણી)**
**એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,**
**ઉના**



**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ ઉનાની કોર્ટમાં //-**

નં.જન્મ-મરણ કેસ-નં.૫૮/૨૦૨૬

પ્રતિ,
શ્રી હુસેનભાઈ ઈશાભાઈ ચવાણ,
રહે.નવાબંદર, ગામ-નવાબંદર, તાલુકો-ઉના, જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી, કે.કે.ગોહીલ,ઉના ............અરજદાર

**-: વિરૂધ્ધ :-**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત નવાબંદર, તા.ઉના, જિ. ગીરસોમનાથ .....સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ઉના તાલુકાના નવાબંદર ગામના રહીશ હુસેનભાઈ ઈશાભાઈ ચવાણ તથા નુરબાઈ હુસેનભાઈ ચવાણના પુત્રી સલમા હુસેનભાઈ ચવાણનો જન્મ તા.**01/01/1984** ના રોજ ઉના તાલુકાના નવાબંદર ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત નવાબંદર, તા. ઉના સને-**1984** ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા. ૨૩/૦૩/૨૦૨૬ ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૬/૦૨/૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી**
**(ડી.કે. ભીમાણી)**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ,**
**ઉના**

# વલસાડના કપરાડાના કુંભઘાટ પર ગમખ્વાર અકસ્માતમાં એક જ પરિવારના ૭ના મોત

**આંબા જંગલ ગામનો પરિવાર કાળનો કોળિયો**



વલસાડ,તા.૨૦

કપરાડા તાલુકાના જોખમી ગણાતા કુંભઘાટ પર આજે કંપારી છોડાવી દેતો માર્ગ અકસ્માત સર્જાયો હતો. પુરપાટ ઝડપે જતી ઈકો કાર અને ટ્રક વચ્ચે થયેલી પ્રચંડ ટક્કરમાં આંબા જંગલ ગામના એક જ પરિવારના પાંચ સભ્યોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા હતા. જ્યારે ગંભીર રીતે ઘાયલ અન્ય બે વ્યક્તિઓએ હોસ્પિટલમાં દમ તોડતા કુલ મૃત્યુઆંક સાત પર પહોંચ્યો છે. અકસ્માત એટલો ભયાનક હતો કે ઈકો કારનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો અને મૃતદેહો કારના પતરામાં ફસાઈ ગયા હતા. સ્થાનિકોના જણાવ્યા મુજબ, વળાંક પર નિયંત્રણ ગુમાવવાને કારણે આ દુર્ઘટના સર્જાઈ હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ જણાય છે. અકસ્માત બાદ હાઈવે પર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા અને પોલીસે ઘટનાસ્થળે પહોંચી મૃતદેહોને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી વધુ તપાસ હાથ ધરી છે. આ ઘટનાથી સમગ્ર કપરાડા પંથકમાં ભારે શોકનું મોજું ફરી વળ્યું છે.

# ગુજરાતમાં કમોસમી વરસાદી માહોલ: ખેડૂતો અને વહીવટીતંત્રની ચિંતા વધી



અમદાવાદ,તા.૨૦

ગુજરાતમાં ૨૦ ફેબ્રુઆરીએ અચાનક વાતાવરણ પલટાયું છે. હવામાન વિભાગની આગાહી મુજબ સુરત, વડોદરા, અંકલેશ્વર, હાંસોટ અને પંચમહાલ સહિતના પંથકોમાં ભારે પવન સાથે કમોસમી વરસાદ ખાબક્યો છે. આ અણધાર્યા વરસાદથી લગ્ન પ્રસંગોમાં વિઘ્ન આવ્યું છે અને ખેતરોમાં ઉભા પાક, ખાસ કરીને કપાસને નુકસાન થવાની ભીતિથી ખેડૂતો ચિંતિત છે. સુરત શહેરમાં વરસાદે પાલિકાની દોડધામ વધારી દીધી છે. શહેરના 'પુસ્તક મેળા'માં મુખ્યમંત્રીની મુલાકાત પૂર્વે જ વરસાદી પાણી ભરાતા વહીવટીતંત્રે તાત્કાલિક તાડપત્રી મંગાવી વ્યવસ્થા જાળવી હતી. માર્ગો પર પાણી ભરાવાને કારણે વાહનચાલકોને ભારે હાલાકી વેઠવી પડી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને સાયક્લોનિક સર્ક્યુલેશન જેવી ત્રણ સિસ્ટમો સક્રિય થતા આ સ્થિતિ સર્જાઈ છે. આગામી દિવસોમાં ૩૦ થી ૪૦ કિમીની ઝડપે પવન ફૂંકાઈ શકે છે, જોકે ૨૪ ફેબ્રુઆરીથી વાતાવરણ શુષ્ક થવાની શક્યતા છે. નવી 'મલ્ટી-હેઝાર્ડ અર્લી વૉર્નિંગ સિસ્ટમ' દ્વારા હવે વધુ સચોટ માહિતી ઉપલબ્ધ થશે.

## પશ્ચિમ બંગાળ: ધારાસભ્યો અને મંત્રીઓની બેઠકો બદલવામાં આવે તેવી શક્યતા

કોલકતા,તા.૨૦

પશ્ચિમ બંગાળમાં આગામી વિધાનસભા ચૂંટણીને પગલે તૃણમૂલ કોંગ્રેસ (TMC) એ ઉમેદવારોની પસંદગી માટે કવાયત તેજ કરી છે. મુખ્યમંત્રી મમતા બેનર્જીના નિવાસસ્થાને યોજાયેલી બેઠકોમાં અનેક મોટા ફેરફારો પર ચર્ચા થઈ હોવાનું જાણવા મળ્યું છે. પક્ષના સૂત્રોના જણાવ્યા અનુસાર, એન્ટી-ઈન્કમ્બન્સી (જનવિરોધ) રોકવા માટે ઘણા અનુભવી ધારાસભ્યો અને મંત્રીઓની બેઠકો બદલવામાં આવી શકે છે, જ્યારે કેટલાકને ટિકિટ કાપીને સંગઠનાત્મક જવાબદારી સોંપવામાં આવશે. પક્ષ આ વખતે નવા ચહેરાઓ, સેલિબ્રિટીઝ અને વ્યાવસાયિકોને વધુ તક આપી અનુભવીઓ સાથે સંતુલન જાળવવા માંગે છે. આ ઉપરાંત, આગામી રાજ્યસભા ચૂંટણી માટે પણ TMC ચાર બેઠકો પર જીત નિશ્ચિત માની રહી છે, જેમાં એક બિન-રાજકીય અગ્રણી વ્યક્તિને સ્થાન મળી શકે છે. આ રણનીતિ દ્વારા મમતા બેનર્જી પક્ષમાં નવી ઊર્જા ફૂંકવા અને સત્તા જાળવી રાખવા પ્રયત્નશીલ છે.

# બિહાર વિધાનસભામાં બ્રાહ્મણવાદને લઈને સરકાર અને વિપક્ષ વચ્ચે ઘર્ષણ



બિહાર,તા.૨૦

બિહાર વિધાનસભામાં બ્રાહ્મણવાદને લઈને ઠંડીનો મુદ્દો ઉઠી ગયો, જે પછી શાસક અને વિપક્ષના ધારાસભ્યો વચ્ચે ઘર્ષણ થયું. સીપીઆઈ (એમએલ) ના ધારાસભ્ય સંદીપ સૌરભે યુજીસી સમાનતા માર્ગદર્શિકા લાગુ કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો અને આ દરમિયાન ×બ્રાહ્મણવાદ× શબ્દનો ઉલ્લેખ કર્યો. આથી ભાજપના ધારાસભ્યો ઘર્ષણ કરી રહ્યા હતા, જે પછી વિધાનસભા અધ્યક્ષે આ શબ્દ તાત્કાલિક હટાવવાનો આદેશ આપ્યો.

નાયબ મુખ્યમંત્રી વિજય સિન્હાએ કહ્યું કે 'દરેક સમુદાયનું સન્માન કરવું જોઈએ અને આ પ્રકારની ભાષાનો ઉપયોગ ટાળવો જોઈએ.' તેમણે કહ્યું કે 'આ લોકો રાષ્ટ્રના શુભેચ્છક નહીં હોઈ શકે.' આરજેડીના ધારાસભ્ય આલોક મહેતાએ કટાક્ષ કરતાં જણાવ્યું કે બ્રાહ્મણવાદ કોઈ જાતિ નથી, પરંતુ રાજકીય અને સામાજિક માનસિકતા છે.વિપક્ષના ધારાસભ્ય મિથિલેશ તિવારી કહ્યું કે ભ્રામણ સમાજના માણસો ભગવાન કૃષ્ણના ચરણોમાં વાસ કરી રહ્યા છે, અને આવું સમાજનો વિરોધ કરનાર લોકો પર અસર કરવાની કોશિશ કરી.

## ભિવંડી મેયરની ચૂંટણીમાં ભાજપનો પરાજય: બળવાખોર નારાયણ ચૌધરી સેક્યુલર મોરચાના ટેકાથી વિજેતા

ભિવંડી,તા.૨૦

ભિવંડી મેયરપદની ચૂંટણીમાં ભાજપને મોટો ફટકો પડ્યો છે. ભાજપના જ બળવાખોર નેતા નારાયણ ચૌધરી 'સેક્યુલર મોરચા'ના સમર્થનથી ૪૮ મતો મેળવી નવા મેયર તરીકે ચૂંટાયા છે. ભાજપે છેલ્લી ઘડીએ નારાયણ ચૌધરીની ટિકિટ કાપી સ્નેહા પાટીલને ઉમેદવાર બનાવતા પક્ષમાં વિખવાદ સર્જાયો હતો. આના વિરોધમાં ચૌધરી સહિત ૯ કાઉન્સિલરોએ બળવો કરી કોંગ્રેસ અને સપા સમર્થિત મોરચામાં જોડાઈ ભાજપના જ ઉમેદવારને હરાવ્યા હતા. આ ઘટનાક્રમે ૨૦૧૭ની ચૂંટણીની યાદ તાજી કરી છે. સપાના ધારાસભ્ય રઈસ શેખ અને કોંગ્રેસના ગણેશ પાટીલે આ જીતને બિનસાંપ્રદાયિક મોરચાની સફળતા ગણાવી છે. બીજી તરફ, ભાજપે આ બળવાખોર કાઉન્સિલરો સામે કડક કાર્યવાહી કરવાનું વચન આપ્યું છે. મહારાષ્ટ્રના રાજકારણમાં આ ફેરબદલ આગામી સમયમાં નવા સમીકરણો રચી શકે છે.

# ભારતે યુએસ-નેતૃત્વ હેઠળના 'પેક્સ સિલિકા' કરાર પર હસ્તાક્ષર કર્યા



નવી દિલ્હી,તા.૨૦

ભારતે આજે યુએસ-નેતૃત્વ હેઠળની 'પેક્સ સિલિકા' પહેલમાં જોડાવા માટે ઔપચારિક રીતે હસ્તાક્ષર કર્યા. આ પહેલ કૃત્રિમ બુદ્ધિ (એઆઇ) અને સપ્લાય ચેઇન સુરક્ષાને મજબૂત બનાવવા માટે રચાયેલ છે. કરાર પર હસ્તાક્ષર કર્યા પછી, ટ્રમ્પ વહીવટીતંત્રના મંત્રી જેકબ હેલબર્ગે જણાવ્યું, 'પેક્સ સિલિકા એ એ ઘોષણા છે કે ભવિષ્ય એ લોકોનું છે જેઓ સર્જન કરે છે અને જ્યારે મુક્ત લોકો એક થાય છે.' ઘોષણાપત્રમાં એઆઈને ભવિષ્યની સૌથી મોટી શક્તિ તરીકે ઓળખાવવામાં આવ્યું છે અને સુરક્ષિત સપ્લાય ચેઇન રાષ્ટ્રની આર્થિક અને રાષ્ટ્રીય સુરક્ષા માટે જરૂરી છે. આ કરાર પર હસ્તાક્ષર સમયે, ભારતના આઈટી મંત્રી અશ્વની વૈષ્ણવ, યુએસ એમ્બેસેડર સર્જિયો ગોર, અને સેક્રેટરી જેકબ હેલબર્ગ હાજર હતા. આ પહેલના ઉદ્દેશો પૈકી એઆઇ ટેકનોલોજીની સુરક્ષિત વિકાસ, વૈશ્વિક સપ્લાય ચેઈનને મજબૂત બનાવવું અને સાથી દેશોમાં આર્થિક સુરક્ષા વધારવાનો સમાવેશ થાય છે. ઘોષણાપત્ર પર હસ્તાક્ષર કરનારા દેશોમાં ઓસ્ટ્રેલિયા, જાપાન, દક્ષિણ કોરિયા, યુનાઈટેડ કિંગડમ, યુએઈ, સિંગાપોર, ઈઝરાયેલ, કતાર અને ગ્રીસનો સમાવેશ થાય છે. અમેરિકન અધિકારીઓએ ભારતની ભાગીદારીને મહત્વપૂર્ણ ગણાવતાં, આને 'સ્વતંત્રતા, શક્તિ અને વિજય' ગણાવ્યા.

# સાત દાયકા પછી, ભગવાન બુદ્ધના પવિત્ર અવશેષો લદ્દાખમાં જાહેરમાં પ્રદર્શિત કરવામાં આવશે



શ્રીનગર,તા.૨૦

એલએએચડીસી લેહના ભૂતપૂર્વ અધ્યક્ષ, એડવોકેટ તાશી ગ્યાલસન, લેફ્ટનન્ટ ગવર્નર કવિંદર ગુપ્તા સાથે મળ્યા અને બુદ્ધના પવિત્ર અવશેષોને જાહેર દર્શન માટે લદ્દાખમાં લાવવાના ઐતિહાસિક બદલ કૃતજ્ઞતા વ્યક્ત કરી. આ નિર્ણય, કેન્દ્રશાસિત પ્રદેશ વહીવટ, પક્ષ નેતૃત્વ અને ધાર્મિક સંગઠનો દ્વારા એક વર્ષથી વધુ સમય સુધી ચાલેલા સતત પ્રયત્નોનું પરિણામ છે. તાશી ગ્યાલસને લેફ્ટનન્ટ ગવર્નરની નિર્ણાયક ભૂમિકાની પ્રશંસા કરતા કહ્યું કે તેમણે આ મુદ્દો સતત નવી દિલ્હી અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી સમક્ષ ઉઠાવ્યો. તેમના સક્રિય માર્ગદર્શન અને વહીવટી સમર્થનથી લદ્દાખના લોકોની લાંબા સમયથી ચાલતી આકાંક્ષા પૂર્ણ થઈ છે. લગભગ ૭૫ વર્ષ પછી, લદ્દાખમાં બુદ્ધના પવિત્ર અવશેષોના જાહેર દર્શનનું આયોજન કરવામાં આવશે, જે મે ૧૯૫૦ માં આવી છેલ્લી ઘટના અને તેની સ્મૃતિને તાજી કરશે. આ પ્રસંગ, ખાસ કરીને વરિષ્ઠ નાગરિકો, સાધુઓ, સાધ્વીઓ, અપંગ વ્યકિતઓ અને ભક્તો માટે ફાયદાકારક રહેશે, જેઓ અન્યત્ર મુસાફરી કરી શકતા નથી.

## વલસાડ: રૂ.૩.૮ કરોડનું સાયબર ફ્રોડ રેકેટ ઝડપાયું, 'મ્યુલ એકાઉન્ટ' દ્વારા આચરતા હતા કૌભાંડ



વલસાડ,તા.૨૦

વલસાડ સાયબર ક્રાઈમ પોલીસે એક મોટા આંતરરાષ્ટ્રીય સાયબર ફ્રોડ રેકેટનો પર્દાફાશ કરી બે આરોપીઓની ધરપકડ કરી છે. તપાસમાં બહાર આવ્યું છે કે આ ટોળકી નિર્દોષ લોકોને કમિશનની લાલચ આપી તેમના બેંક એકાઉન્ટ ભાડે લેતી હતી, જેને 'મ્યુલ એકાઉન્ટ' કહેવામાં આવે છે. પકડાયેલા આરોપી મિતેશ અને તુષારે કબૂલાત કરી છે કે તેઓ આ એકાઉન્ટ્સ દુબઈ સ્થિત મુખ્ય સૂત્રધાર મિલન દરજીને મોકલતા હતા. અત્યાર સુધીની તપાસમાં રૂ.૩.૮ કરોડથી વધુના ગેરકાયદે નાણાકીય વ્યવહારો મળી આવ્યા છે. આ નાણાં સાયબર ફ્રોડ દ્વારા મેળવેલા હોય છે, જેને સગેવગે કરવા માટે આવા ભાડાના એકાઉન્ટ્સનો ઉપયોગ થતો હતો.

## શેરબજારમાં તેજી: સેન્સેક્સ ૩૧૭ પોઈન્ટ ઉછળ્યો, નિફ્ટી ૨૫,૫૫૦ની સપાટીને પાર

મુંબઈ,તા.૨૦

ભારતીય શેરબજારમાં શુક્રવારે પ્રોત્સાહક સુધારો જોવા મળ્યો હતો. બીએસઈ (BSE) સેન્સેક્સ ૩૧૬.૫૭ પોઈન્ટના વધારા સાથે ૮૨,૮૧૪.૭૧ પર અને નિફ્ટી-૫૦ (Nifty ૫૦) ૧૧૬.૯૦ પોઈન્ટ ઉછળીને ૨૫,૫૭૧.૨૫ ના સ્તરે બંધ રહ્યા હતા. બજારમાં મેટલ, પાવર અને પીએસયુ બેંકિંગ ક્ષેત્રોમાં લેવાલી નીકળતા તેજી જોવા મળી હતી. હિન્દાલ્કો અને એનટીપીસી (NTPC) જેવા શેરોમાં નોંધપાત્ર ઉછાળો આવ્યો હતો, જ્યારે આઈટી ક્ષેત્રના શેરોમાં નરમાશ જોવા મળી હતી.

બીજી તરફ, વૈશ્વિક તણાવ અને ક્રૂડ ઓઈલની વધતી કિંમતોને કારણે યુએસ ડોલર સામે રૂપિયો ૩૧ પૈસા ઘટીને ૯૦.૯૯ ના સ્તરે પહોંચ્યો હતો. વિદેશી મુદ્રા બજારમાં મજબૂત ડોલર અને ભૌગોલિક-રાજકીય અસ્થિરતાને કારણે ભારતીય ચલણ પર દબાણ વધ્યું છે.

## એસ્ટોનિયાના રાષ્ટ્રપતિ અલાર કારિસે અક્ષરધામ મંદિરની મુલાકાત લીધી



નવી દિલ્હી,તા.૨૦

એસ્ટોનિયા પ્રજાસત્તાકના રાષ્ટ્રપતિ અલાર કારિસે એસ્ટોનિયાની રાજધાની ટાલિનથી આવેલા પ્રતિનિધિ મંડળ સાથે સ્વામિનારાયણ અક્ષરધામ મંદિરની મુલાકાત લીધી. તેમણે આ અભૂતપૂર્વ મુલાકાત પર ભારે પ્રશંસા વ્યક્ત કરી, જેમાં ભગવાન બુદ્ધના પવિત્ર અવશેષો અને ભારતીય સંસ્કૃતિનો અનુભવો કર્યો. તેમના સાથે એસ્ટોનિયા પ્રજાસત્તાકના રાજદૂત, વરિષ્ઠ અધિકારીઓ અને ડિજિટલ અને એઆઇ ક્ષેત્રના પ્રતિનિધિઓ પણ હતા. આ મુલાકાતમાં, રાષ્ટ્રપતિએ વૈશ્વક શાંતિ અને શ્રેષ્ઠતા માટે પ્રાર્થના કરી. તેમણે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજેના આતિથ્ય અને આભાર વ્યક્ત કર્યો, અને જણાવ્યું, 'મને ફરીથી આ મંદિરની મુલાકાત લેવાની આશા છે.'

# અમેરિકન સુપ્રીમ કોર્ટનો ટ્રમ્પને મોટો ફટકો: વૈશ્વિક ટેરિફ રદ, ભારતને મળી મોટી રાહત

**ટેરિફ લાદવાની સત્તા રાષ્ટ્રપતિને બદલે માત્ર સંસદ (કોંગ્રેસ) પાસે હોવાનું ઠેરવાયું**



વોશિંગ્ટની,તા.૨૦

યુએસ સુપ્રીમ કોર્ટે શુક્રવારે એક ઐતિહાસિક ચુકાદો આપતા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા લાદવામાં આવેલા ગ્લોબલ ટેરિફને ગેરકાયદેસર ઠેરવી રદ કર્યા છે. કોર્ટે ૬-૩ની બહુમતી સાથે સ્પષ્ટ કર્યું છે કે અમેરિકન બંધારણ મુજબ ટેક્સ કે ટેરિફ લાદવાની સત્તા માત્ર કોંગ્રેસ (સંસદ) પાસે છે, રાષ્ટ્રપતિ પાસે નહીં. આ નિર્ણયથી ભારત પર લાદવામાં આવેલા ૧૮% રેસિપ્રોકલ ટેરિફ સહિત ચીન અને મેક્સિકો પરના ભારે ટેક્સ પણ નાબૂદ થશે.એપ્રિલ ૨૦૨૫માં રાષ્ટ્રીય સુરક્ષાના નામે લાદવામાં આવેલા આ ટેરિફ રદ થવાથી વૈશ્વિક બજારમાં ચીજવસ્તુઓ સસ્તી થવાની અને શેરબજારમાં તેજી આવવાની સંભાવના છે. જોકે, સ્ટીલ અને એલ્યુમિનિયમ પરના ટેરિફ અલગ કાયદા હેઠળ હોવાથી તે યથાવત રહેશે. ટ્રમ્પની આર્થિક નીતિઓ માટે આ નિર્ણયને મોટો ફટકો માનવામાં આવે છે, કારણ કે તેનાથી નિકાસકારોને મોટી રાહત મળશે અને અમેરિકાએ કંપનીઓને ટેક્સના નાણાં પરત કરવા પડી શકે છે.

# બિટકોઈન કૌભાંડ: અભિનેત્રી શિલ્પા શેટ્ટીના પતિ રાજ કુન્દ્રાને વિશેષ કોર્ટમાંથી મળ્યા જામીન



મુંબઈ,તા.૨૦

બોલીવુડ અભિનેત્રી શિલ્પા શેટ્ટીના પતિ અને ઉદ્યોગપતિ રાજ કુન્દ્રાને રૂ.૧૫૦ કરોડના બિટકોઈન કૌભાંડ કેસમાં મુંબઈની વિશેષ પીએમએલએ (PMLA) કોર્ટે જામીન આપ્યા છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા દાખલ કરવામાં આવેલી ચાર્જશીટની નોંધ લીધા બાદ કોર્ટે આ આદેશ આપ્યો હતો.

આ કેસમાં દુબઈ સ્થિત ઉદ્યોગપતિ રાજેશ સતીજાનું નામ પણ આરોપી તરીકે સામેલ છે.

તપાસ એજન્સીના જણાવ્યા અનુસાર, રાજ કુન્દ્રાએ યુક્રેનમાં બિટકોઈન માઈનિંગ ફાર્મ સ્થાપવા માટે 'ગેઈન બિટકોઈન પોન્ઝી કૌભાંડ'ના માસ્ટરમાઈન્ડ અમિત ભારદ્વાજ પાસેથી ૨૮૫ બિટકોઈન મેળવ્યા હતા. જોકે કુન્દ્રાએ પોતે માત્ર મધ્યસ્થી હોવાનો દાવો કર્યો હતો, પરંતુ ઈડીનો દાવો છે કે તેઓ જ આ વ્યવહારના ખરા લાભાર્થી છે. સાત વર્ષ જૂના આ વ્યવહારમાં દસ્તાવેજી પુરાવાઓની ગેરહાજરી અને બિટકોઈનની વર્તમાન ઊંચી કિંમતને ધ્યાનમાં રાખીને તપાસ એજન્સીએ કડક વલણ અપનાવ્યું હતું. હાલમાં કોર્ટે શરતી જામીન આપીને રાહત આપી છે.

### માત્ર એક જ વર્ષમાં ૪૬,૯૧૫ કરોડ રૂપિયાનો વધારો નોંધાયો

# ગુજરાત સરકારનું જાહેર દેવુ રૂ. ૩,૯૯,૬૩૩ કરોડને પાર




ગાંધીનગર,તા.૨૦

ગુજરાત રાજ્યના નાણાકીય આંકડાઓએ ચિંતાને ઊભા કર્યા છે. વિધાનસભાના બજેટ સત્રમાં કોંગ્રેસના ધારાસભ્ય શૈલેષ પરમારના સવાલના જવાબમાં નાણામંત્રીએ વિધાનસભામાં રાજ્યના કુલ દેવું, વ્યાજ અને મુદ્દલ ચુકવણી અંગે વિગતવાર માહિતી આપી હતી. આ માહિતી અનુસાર, રાજ્ય પર દેવાનો બોજો સતત વધી રહ્યો છે, જે નાણાકીય સ્થીતિને લઈને પ્રશ્નો ઊભા કરે છે.

વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન ગુજરાત રાજ્યનું કુલ દેવું ૩,૫૨,૭૧૮ કરોડ રૂપિયા હતું. જ્યારે ૨૦૨૪-૨૫ના સુધારેલ અંદાજ મુજબ આ દેવું વધીને ૩,૯૯,૬૩૩ કરોડ રૂપિયા થયું છે. આનો અર્થ એ છે કે માત્ર એક જ વર્ષે ૪૬,૯૧૫ કરોડ રૂપિયાનું વધારો નોંધાયો છે, જે સરકારની નાણાકીય દિશા અંગે સવાલો ઉભા કરે છે. આ દ્રષ્ટિએ, રાજ્યના દેવામાં વધારો એ વિકાસની પ્રવૃત્તિઓ અને મૂડી ખર્ચને કારણે થયો હોવાનો તર્ક પણ સામે આવી રહ્યો છે. આંકડાઓ દર્શાવે છે કે દેવા સાથે સાથે વ્યાજનો બોજો પણ વધી રહ્યો છે. વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન સરકારે કુલ ૨૪,૯૬૪ કરોડ રૂપિયા વ્યાજ ચુકવ્યું હતું, જ્યારે ૨૦૨૪-૨૫ના સુધારેલ અંદાજ મુજબ આ વ્યાજની રકમ વધીને ૨૫,૯૪૫ કરોડ રૂપિયા થઈ ગઈ છે. સ્પષ્ટ છે કે રાજ્યના આવકના મોટા હિસ્સા પર વ્યાજની અસર પડી રહી છે.

અત્યાર સુધીમાં, મુદલ ચુકવણીમાં પણ વધારો થયો છે. વર્ષ ૨૦૨૩-૨૪માં કુલ ૨૬,૧૩૬ કરોડ રૂપિયા મુદલ ચૂકવવામાં આવ્યા હતા. જ્યારે ૨૦૨૪-૨૫માં આ આંકડો વધીને ૨૯,૦૮૬ કરોડ રૂપિયા થયો છે. એટલે કે, દેવાના મૂળ રકમની ચુકવણીમાં પણ વધારો નોંધાયો છે.

આ આંકડાઓ અને તેમના અર્થવર્ણનથી રાજકીય ચર્ચા તેજ બની શકે છે. વિપક્ષ રાજ્યના વધતા દેવા મુદ્દે સરકારને ઘેરી શકે છે. તેઓ સરકાર પર આક્ષેપ કરી શકે છે કે વિકાસ કાર્યો અને પ્રોજેક્ટો માટે વપરાતા સતત વધતા જઈ રહ્યા છે, અને આ દેશના નાણાકીય સ્વાસ્થ્ય માટે જોખમી બની શકે છે. બીજી તરફ, સરકાર એક દલીલ રજૂ કરી શકે છે કે આ નાણાંખર્ચ નવું વિકાસ અને મુખ્ય યોજનાઓ માટે કરાય છે, જે રાજ્યના માટે પરફોર્મન્સ વધારવા માટે જરૂરી છે. આ સંદર્ભમાં, વિકાસ કાર્યો અને નાણાંકીય સુસંગતતા વચ્ચેનો સંતુલન વધુ મહત્વપૂર્ણ બની જાય છે. રાજ્યના નાણાકીય સ્વાસ્થ્ય માટે આ આંકડાઓ અત્યંત મહત્વપૂર્ણ છે. આવનારા સમયમાં, દેવાનો પ્રમાણ કેવી રીતે નિયંત્રિત થાય છે અને રાજ્ય આર્થિક સુધારા માટે કયા પગલાં લે છે, તે પર સૌની નજર રહેશે. આવા વધતા દેવા અને વ્યાજના બોજાને કારણે, રાજ્યના નાણાકીય પરિસ્થિતિને લઈને વિવિધ દલીલ અને ચર્ચાઓ શરૂ થવા લાગી છે. જો કે, રાજ્ય સરકારનો દાવો છે કે આ વધારે દેવું, ખાસ કરીને વિકાસ અને મૂડી ખર્ચના કારણે વધ્યુ છે.

## દિલ્હીમાં ગુજરાત કોંગ્રેસનું મનોમંથન: 'મિશન ગુજરાત'ને નવી દિશા

અમદાવાદ,તા.૨૦

સ્થાનિક સ્વરાજ્યની આવનારી ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને ગુજરાત કોંગ્રેસના દિગ્ગજ નેતાઓએ દિલ્હીમાં મહત્વપૂર્ણ બેઠક યોજી હતી. બેઠકમાં રાહુલ ગાંધી, મલ્લિકાર્જુન ખડગે, મુકુલ વાસનિક અને કે.સી. વેણુગોપાલ સહિત રાજ્યના અગ્રણી નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન ગુજરાતની વર્તમાન રાજકીય પરિસ્થિતિ, સંગઠનની સ્થિતિ અને આગામી ચૂંટણી માટેની વ્યૂહરચના અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. સૂત્રોના જણાવ્યા મુજબ, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં મજબૂત અને સંકલિત પ્રદર્શન કરવા પર વિશેષ ભાર મૂકાયો હતો. તાલુકા અને જિલ્લા સ્તરે કાર્યકરોને સક્રિય બનાવવા, જૂથવાદ દૂર કરવા અને સંદેશાવ્યવહાર વધુ અસરકારક બનાવવા માટે માર્ગદર્શિકા તૈયાર કરવાની ચર્ચા થઈ હતી. તાજેતરમાં રાજ્ય પ્રમુખ તરીકે અમિત ચાવડાની નિમણૂક બાદ સંગઠનના નવા માળખા અંગે પણ વિચારવિમર્શ થયો હતો.


## અભિનેત્રી મોના થિબાના વિવાદાસ્પદ નિવેદનથી હોબાળો, વેશ્યાવૃત્તિને ગણાવી 'સમાજ સેવા'



રાજકોટ,તા.૨૦

રાજકોટમાં પોતાની આગામી ગુજરાતી ફિલ્મનું પ્રમોશન કરતી વખતે જાણીતી અભિનેત્રી મોના થિબાએ વેશ્યાવૃત્તિ અંગે કરેલી ટિપ્પણીથી મોટો વિવાદ છેડાયો છે. અભિનેત્રીએ વેશ્યાવૃત્તિને 'સમાજ સેવા' ગણાવતા કહ્યું હતું કે, આ વ્યવસાયને કારણે બહેનો અને દીકરીઓ પર થતા બળાત્કારના બનાવોમાં ઘટાડો થાય છે. વેશ્યાવૃત્તિના વિષય પર આધારિત ફિલ્મની ચર્ચા દરમિયાન આ નિવેદન આવતા સામાજિક સંગઠનો અને નાગરિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સોશિયલ મીડિયા પર આ નિવેદનની તીવ્ર આલોચના થઈ રહી છે. અનેક સામાજિક અગ્રણીઓ અને નેતાઓનું માનવું છે કે દેહવ્યાપાર જેવા ગંભીર અને સંવેદનશીલ મુદ્દાને આ રીતે રજૂ કરવો તે સમાજમાં ખોટો સંદેશ આપે છે. લોકોએ આ નિવેદનને બેજવાબદાર ગણાવી અભિનેત્રી પ્રત્યે રોષ વ્યક્ત કર્યો છે. ખાસ કરીને 'બળાત્કાર રોકવા માટે વેશ્યાવૃત્તિ જરૂરી છે' તેવા તર્ક સામે મહિલા સંગઠનોએ સખત વાંધો ઉઠાવ્યો છે. હાલમાં આ મામલે વિવાદ વકરતા સોશિયલ મીડિયામાં પણ બે પક્ષો વચ્ચે ચર્ચાઓ શરૂ થઈ છે.

## બનાસકાંઠા ડીસા-થરાદ રોડ પર અકસ્માતમાં એકનું મોત



પાલનપુર, તા. ૨૦

બનાસકાંઠા જિલ્લાના ડીસા-થરાદ રોડ પર રામપુરા નજીક કાર ચાલકે બાઈક ચાલકને અડફેટે લેતા બાઈકચાલકનું મોત નીપજ્યું છે. આ ઘટનામાં સીસીટીવી ફૂટેજ સામે આવ્યા છે, જે દર્શાવે છે કે બંને વાહનચાલકોએ બેદરકારીથી વાહન ચલાવ્યા, જેના પરિણામે એક જાન ગુમાવવાનું થયું. તે સમયે આજુબાજુના લોકો દોડી આવ્યા હતા અને ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી હતી, પરંતુ એમ્બ્યુલન્સના પહોંચતા પહેલા જ બાઈકચાલકનું મોત થયું હતું. પોલીસે સીસીટીવી ફૂટેજથી આગળની તપાસ શરૂ કરી છે.

## ગુજરાત વિધાનસભામાં જંગ: હર્ષ સંઘવી અને જિગ્નેશ મેવાણી વચ્ચે તીખી તડાફડી





ગાંધીનગર,તા.૨૦

ગુજરાત વિધાનસભાના સત્રના બીજા દિવસે શાસક પક્ષ અને વિપક્ષ વચ્ચે ઉગ્ર બોલાચાલી થતા ગૃહમાં ભારે હોબાળો મચ્યો હતો. ધારાસભ્ય જિગ્નેશ મેવાણીએ સ્ટેટ મોનિટરિંગ સેલની બેઠકો મુદ્દે સરકાર પર આક્ષેપ કરતા જણાવ્યું કે, મુખ્યમંત્રી પાસે પતંગ ચગાવવાનો સમય છે પરંતુ દલિતો-આદિવાસીઓ પર થતા અત્યાચાર મુદ્દે બેઠક યોજવાનો સમય નથી. આ મુદ્દે મંત્રી મનીષા વકીલે વળતો જવાબ આપતા કહ્યું કે મેવાણી પોતે બેઠકોમાં ગેરહાજર રહે છે. આ દરમિયાન ગૃહમાં વાતાવરણ ત્યારે વધુ તંગ બન્યું જ્યારે જિગ્નેશ મેવાણીએ મંત્રીઓ પર દારૂ-ડ્રગ્સના હપ્તા લેવાના ગંભીર આક્ષેપો કર્યા. અધ્યક્ષ શંકર ચૌધરીએ મેવાણીને વારંવાર બેસી જવા આદેશ કર્યો હોવા છતાં તેમણે વિરોધ ચાલુ રાખ્યો હતો. સરકારના પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ મેવાણીના વર્તનને 'સડકછાપ' ગણાવતા વિવાદ વધ્યો હતો, જોકે બાદમાં શૈલેષ પરમારના વિરોધને પગલે આ શબ્દો રેકોર્ડ પરથી દૂર કરવામાં આવ્યા હતા. ગૃહમાં બનેલી આ ઘટનાએ સંસદીય મર્યાદાના ભંગના સવાલો ઉભા કર્યા છે.

## ગુજરાત વિધાનસભા: 'જેનું ખાતમુહૂર્ત કરીએ તેનું લોકાર્પણ પણ અમે જ કરીએ છીએ' - જગદીશ વિશ્વકર્મા



ગાંધીનગર,તા.૨૦

ગુજરાત વિધાનસભામાં રાજ્યપાલના સંબોધન પરની ચર્ચા દરમિયાન ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ વિપક્ષ પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતની છબી 'મદારીઓના દેશ'' માંથી બદલાઈને 'વિકાસશીલ રાષ્ટ્ર'ની બની છે. જગદીશ વિશ્વકર્માએ કટાક્ષ કર્યો કે ભાજપનો વિકાસ માત્ર કોંગ્રેસને જ નહીં, પરંતુ નવી બનેલી પાર્ટીઓને પણ આંખમાં કણાની જેમ ખૂંચે છે. તેમણે રાજ્યની સિદ્ધિઓ વર્ણવતા કહ્યું કે, આજે વૈશ્વિક કંપનીઓ ગુજરાતમાં રોકાણ કરવા આતુર છે. ખાસ કરીને રમતગમત ક્ષેત્રે વર્ષ ૨૦૩૦માં ગુજરાત 'કોમનવેલ્થ ગેમ્સ'નું યજમાન બનશે, જે ઐતિહાસિક સિદ્ધિ હશે. આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ અંગે આત્મવિશ્વાસ વ્યક્ત કરતા તેમણે કહ્યું કે, જનતા વિકાસના કામો પર મહોર મારશે અને વિપક્ષનો સફાયો થશે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે ભાજપ જે પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત કરે છે, તેનું લોકાર્પણ પણ સમયમર્યાદામાં પોતે જ કરે છે.


## યુનિવર્સિટી ભરતીમાં મોટો ફેરફાર: ફિક્સ પગારનો અનુભવ હવે માન્ય ગણાશે



અમદાવાદ,તા.૨૦

ગુજરાત શિક્ષણ વિભાગે રાજ્યની તમામ ૧૪ સરકારી યુનિવર્સિટીઓ માટે ભરતીના નિયમોમાં ઐતિહાસિક સુધારો કર્યો છે. નવા પરિપત્ર મુજબ, પ્રોફેસર કે અન્ય ઉચ્ચ પદોની ભરતી વખતે હવે ફિક્સ પગાર પર 'શિક્ષક સહાયક'તરીકે આપેલી સેવાને પણ કાર્ય અનુભવ **(Experience)** તરીકે ગણવામાં આવશે. અગાઉ આ સેવાને માન્ય ન ગણાતા અનેક ઉમેદવારો ઉચ્ચ પદની તકો ગુમાવતા હતા. આ નિર્ણયથી ગુજરાત યુનિવર્સિટી, **MSU** અને ઉત્તર ગુજરાત યુનિવર્સિટી સહિતની સંસ્થાઓમાં ભરતી પ્રક્રિયામાં સમાનતા અને પારદર્શિતા આવશે તેમજ વર્ષોથી સેવા આપતા અધ્યાપકોને ન્યાય મળશે.

## અંજારના ચંદીયા ગામે પ્રેમીએ કરી પ્રેમિકાની હત્યા, મૃતદેહ કૂવામાં ફેંક્યો



ભુજ, તા. ૨૦

કચ્છ જિલ્લાના અંજાર તાલુકાના ચંદીયા ગામે એક ગમગીની ઘટના બની છે, જ્યાં ૧૮ વર્ષીય પ્રેમિકા રાધાને તેના પ્રેમી રાજેશે ગળેટૂંપો આપીને હત્યા કરી અને પુરાવા નાશ કરવા માટે તેના મૃતદેહને કૂવામાં ફેંકી દીધો.

આ અંગે મળતી માહિતી અનુસાર, રાધા અને રાજેશ વચ્ચે કોઈ બાબતે વિવાદ થયો હતો. રાજેશ અને તેના મિત્ર રાહુલે મળીને આ કૃત્યુ કર્યુ હતુ. રાધા ગુમ થયાં બાદ પરિવારજનો દ્વારા શોધખોળ શરૂ કરવામાં આવી હતી. ભુજ ફાયર વિભાગની ટીમે કૂવામાંથી મૃતદેહને બહાર કાઢ્યો. હાલ, પોલીસએ રાજેશ અને રાહુલ સામે ગુનો નોંધીને તેમની ધરપકડનો પ્રયાસ શરૂ કર્યો છે. આ બનાવથી ચંદીયા ગામમાં ભારે શોકનો માહોલ છે.







